Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[illegible]

The Atmanand Prakash. REGISTRED No. B. 431.

श्रीमद्विजयानन्दसूरिसद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः

श्रीमत् सम्यक्त्वरत्नं जिनमतललितं ज्ञानरत्नं गरिष्टं
शुद्धं सद्वृत्तरत्नं भविजनसुखदं सारसंवेगरत्नम् ।
सद्भावाध्यात्मरत्नं गुणगणखचितं तत्वसद्बोधरत्नं
आत्मानंदप्रकाशो दधिपरिमथनात् वाचकाः प्राप्नुवन्ति॥ १॥

पु. १४. } वीर संवत् २४४३ पोष. आत्म सं. २१. } अंक ६ ठो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.

| નંબર. | વિષય. | પૃષ્ઠ. | નંબર. | વિષય. | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી પ્રભુ સ્તુતિ. ... | ૧૩૧ | | દિવ્યશાસ્ત્ર સંબોધન..... ... | ૧૫૦ |
| ૨ | સંસારચિત્ર...... ... | ૧૩૨ | ૭ | વિજ્ઞપ્તિ ત્રિવેણિ ગ્રંથ માટે અભિપ્રાયો. ... ... ... ... | ૧૫૧ |
| ૩ | ચારિત્રગઠન....... ... | ૧૩૨ | | | |
| ૪ | જૈન ઐતિહાસિક સાહિત્ય. | ૧૪૩ | ૮ | પરોલિ તીર્થમાં જીર્ણોદ્ધાર અને ધર્મશાળા માટે સહાયતાની જરૂર.. | ૧૫૨ |
| ૫ | લક્ષ્મીનો ઉપયોગ કેમ કરવો જોઇએ ? | ૧૪૮ | ૯ | વર્તમાન સમાચાર. ... ... | ૧૫૩ |
| ૬ | ભવ્ય ચકોરને સાવધાન કરનારૂં | | ૧૦ | ગ્રંથાવલોકન. ... ... ... | ૧૫૪ |

વાર્ષિક–મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તૈયાર છે.

હૃદયનો હાર ! આનંદનો ભંડાર ! પુસ્તકાલયનો શૃંગાર !

મહોપાધ્યાય શ્રીશાન્તિચંદ્ર ગણિ કૃત

# कृपारस कोश.

( दयारसनो भंडार )

સંસ્કૃત ગ્રંથ.

( જૈન ઐતિહાસિક:સાહિત્ય ગ્રંથ )

જૈન સમાજમાં ભાગ્યે જ કોઇ એવો હશે કે જેણે કૃપારસ કોશનું પવિત્ર નામ સાંભળ્યું ન હોય ! પરંતુ સાથે અંદર શી હકીકત છે? અને તે કેટલો મહત્વવાળો છે તે કોઇ વિરલા જ જાણી શકે તેમ છે ! આ પવિત્ર ગ્રંથ તેજ છે કે જેના શ્રવણથી ખુશી થઇ મહાન્ મુગલ સમ્રાટ્ અકબર બાદશાહે પોતાના વિશાળ રાજ્યમાં સાલ ભરમાં છ મહિના સુધી જીવહિંસા બંધ કરી હતી અને જૈનધર્મનું બહુ માન કરી જગત્માં તેની ખ્યાતિ વધારી હતી. તેજ આ **कृपारस कोष** ગ્રંથ છે જે છપાઈ તૈયાર થયો છે. આ મહાન્ ગ્રંથના સંપાદક જૈન ઇતિહાસ પ્રેમી અને વિદ્વદ્રત્ન **મુનિરાજશ્રી જિનયવિજયજી** મહારાજ છે. કે જેનો જૈન ઇતિહાસિક શોધ માટે અપરિમિત પ્રયાસ છે. પુસ્તકના પ્રારંભમાં એક લાંબી પ્રસ્તાવના ઉકત મહાત્માએ રસીલી અને આકર્ષક હિન્દી ભાષામાં, જગદ્ગુરૂશ્રી હીરવિજયસૂરિને સમ્રાટ્ અકબર બાદશાહે શી રીતે આમંત્રણ કર્યું ? તેઓશ્રીનો સત્કાર શી રીતે કર્યો ? ઉપાધ્યાયજી શ્રીશાન્તિચંદ્રજીએ શું શું કર્યું ? આ ગ્રંથની શા માટે રચના કરી અને અકબર બાદશાહે તેમને શું કરી આપ્યું, ઈત્યાદિ વાતો ઘણી જ ખુબી ભરેલી અને આકર્ષક રીતે લખવામાં આવેલી છે. બાદશાહે સૂરિજી મહારાજને જે જે મહાન્ ફરમાનો–સનંદો આપી છે તેની વિશ્વસનીય ઇંગ્રેજી નકલો હિન્દી ભાષાંતર સહિત આપવામાં આવેલ છે, સાથે ઘણી જ મુશ્કેલીથી અને ઘણો જ ખર્ચ કરી મૂળ ફારસી ફરમાનોના સુંદર અને મ્હોટા બે ફોટોગ્રાફ્સ ( છબીઓ ) સાથે આપવામાં આવેલ છે, કે જે આજ સુધીમાં **કોઇ પણ સ્થળે** પ્રગટ થયા નથી. અકબર બાદશાહની મ્હોરનો પણ એક ફોટોગ્રાફ આપવા સાથે ગ્રંથના પ્રારંભમાં શ્રીહીરવિજયજી સૂરિ અને બાદશાહનો દર્શનીય ફોટોગ્રાફ આપવામાં આવ્યો છે. પુસ્તકની અંતમાં આખા ગ્રંથનો સરલ ટુંક સાર આપવામાં આવેલ છે. એ રીતે આ ગ્રંથની સુંદર રચના કરવામાં આવી છે.

આખો ગ્રંથ ઉંચા અને જાડા આર્ટપેપર ઉપર, બ્લુ અને લાલ એમ ડબલ રંગમાં, સુંદર ટાઇપમાં છાપવામાં આવેલ છે. ઉપરનું ટાઇટલ અને બાઇડીંગ પણ બહૂજ મનોહર ચિત્તાકર્ષક બનેલ હોવાથી દૃષ્ટિને પ્રિય થઈ પડે તેમ હોવાથી ઘર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थपरिज्ञाने यत्नो विधेयः ॥

पुस्तक १४ ] वीर संवत् २४४३, पोष आत्म संवत् २१. [ अंक ६ ठो.

## प्रभु स्तुति.

### શાર્દૂલવિક્રીડિત.

જે ઉલ્લાસ અપાર અંતર વિષે આલોકતાં અર્પતી[1],
સામીપ્યેથી શમાવી તાપ તનના જે તૃપ્તિથી તર્પતી[2];
જે પ્રેમે પરિપૂજતાં ભવતણી ભીતિ[3] સદા હારતી[4],
તે જૈની પ્રતિમા સદા જય કરો કર્મોદધિ[5] તારતી. ૧

૧ અર્પણ કરતી. ૨ તૃપ્ત કરતી. ૩ ભય. ૪ હરી લેતી. ૫ કર્મરૂપી સમુદ્રમાંથી તારતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સંસાર ચિત્ર.

મારા મનના માલીક મળીયારે, થઈ પ્રેમ વશ પાતળીયા—એ રાગ.

જીવ ભમરા ડાહ્યા ડમરારે, આવે ન સાથે દમડા. ટેક.
રાય રંક સૌ ખાલી હાથે, આવ્યા તેમ ગયા ઉડી,
કોઇ સાથ ન ગઈ છત મુડી, પણ માયા મમતા ભુંડી;
જીવ તજે ન આશો કુડી. જીવ૦ ૧
તન ત્રોડી પાઇ પાઈ કરી ભેગી, મંદિર માળ ચણાવે,
તે સાથે કાંઇ ન આવે, પ્રિયા પોળથી પતિને વળાવે;
સુત ખાલી હાથ બતાવે. જીવ૦ ૨
ચિંતે ઓર ને બને ઓર અહા ! પ્રતિકુળ દૈવ પ્રભાવે,
ત્યાં તારૂં જોર ન ફાવે, પણ રહે ન આત્મ સ્વભાવે;
નિત્ય આર્ત્ત રૌદ્ર મન ધ્યાવે. જીવ૦ ૩
કુડ કપટ છળ ભેદ કરીને, પાપ પોટલો બાંધે,
**સાંકળચંદ** સાધ્ય ન સાધે, ઉંડા ભવોદધિ અગાધે;
ડૂબે નારક દુઃખ વાધે, ત્યાં પિડે પાપી જમડારે,
આવે ન સાથે દમડા. જીવ૦ ૪

# ચારિત્ર ગઠન.

(૧)

( Character Building. )

પ્રત્યેક વાચકને ન્યુનાધિક અંશે ખબર હશે કે આપણે આપણું ચારિત્ર અથવા વર્તન સંકલ્પ બળથી, કેળવણીથી, મનને દમવાથી, સંયમથી અથવા એવા જ પ્રકારના બીજા સાધનોથી ફેરવી શકીએ છીએ. વાસ્તવમાં ધર્મ સંપ્રદાયોનો મૂળ હેતુ જ એ હોય છે કે તેને અનુસરનાર વર્ગનું ચારિત્ર ઉન્નત બનાવવું, આ લોકનું અને પરલોકનું હિત સચવાય તેવા પ્રકારનું વર્તન તેના અનુયાયી સમાજ ઉપર ઠસાવવું, અને દેશ કાળની પ્રધાન ભાવનાઓને અનુસરી તે કાળે તેવા ચારિત્રને રચવાની સુગમતા કરી આપવી. ચારિત્ર ગઠન એ પ્રકારની કળા છે. એ કળાના અનુશીલનથી માણસ પોતે ધારે તેવો બની શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાસ કરીને જૈન દર્શને આ શાખા ઉપર અન્ય દર્શનો કરતા અધિક ધ્યાન આપેલું જણાય છે. શ્રાવકો તેમજ સાધુ વર્ગ માટે એ દર્શનના પ્રણેતા મહાજનોએ વર્તનશાસ્ત્રના નિરાલા ગ્રંથો બનાવી તેમના આગળ વર્તનના આદર્શો ખડા રાખ્યા છે. અને એ આદર્શને અનુરૂપ જીવન ઘડવા માટે અનેક પ્રકારની યુક્તિ પ્રયુક્તિ અને વિધિ તેમજ આચાર પ્રવૃતિ પ્રબોધી છે. મૂળતો આ બધા આચારો ચારિત્રના નિયામક સાધનો હતા, અને તે પ્રત્યેકમાં ચારિત્રને ઘડવાનો કાંઇને કાંઇ સંકેત રહેલો હતો. શિષ્યની માનસ પ્રકૃતિને અનુસરી તેને અમુક આચારોને અનુસરવાની આજ્ઞા કરવામાં આવતી હતી. અને એ અનુસરણનો ઉદ્દેશ તેનામાં રહેલા કોઈ અનિષ્ટ લક્ષણો, સંસ્કારો અથવા વલણોને દાબી દેવાનો તેમજ ઉત્તમ અને આવશ્યક ઈષ્ટ લક્ષણોનો આવિર્ભાવ કરવાનો હતો. પરંતુ કાળે કરીને આ બધા આચારો અને વિધિઓમાંથી તે નીકળી ગયો. પછી તો તે હેતુ વિનાના શુન્ય થઇ પડયા. માલ ખાલી કર્યા પછી બારદાનની જેવી હાલત રહે તેવી હાલતમાં અત્યારે એ આચારો આવી પડયા છે. કેમકે તેમાં હેતુ અને અર્થ રૂપી માલનો અભાવ છે.

વિધિઓ, આચારો ક્રીયાકાંડો એ શરૂઆતમાં, તેમની ઉત્પતિ કાળે, હેતુપૂર્વક પ્રવર્તેલા હોય છે. પરંતુ સમયના પ્રવાહ સાથે એ હેતુનો વિલય થઈ જાય છે. દર્શન માત્રની એવી સ્થિતિ અનિવાર્ય છે. જે કાંઇ નામ ધારી છે તેનો જન્મ, સંવર્ધન, ક્ષય અને વિનાશ કોઇથી રોકી શકાતો નથી. એક પછી એક નવા દર્શનો પ્રગટ થયા કરે છે. એનું કારણ એજ છે કે જુના દર્શનમાંથી અર્થ અને હેતુ ઉડી ગયા હોય છે અને તેથી તે સમાજની પ્રગતિ માટે ઉપયોગી રહ્યા હોતા નથી. એથી જુદા જુદા દર્શન અને સંપ્રદાયના ખોખામાં એ અર્થ અને હેતુ પ્રવેશ પામીને સમાજને પોતાની ઉત્ક્રાંતિમાં સહાય આપ્યા જ કરે છે. નામ કદાચ બદલાય એથી બુદ્ધિમાનો સત્યનો ક્ષય થયો માનતા નથી. કેમકે નામની સાથે નાશની ભાવના પણ સંકળાએલી જ છે, એકને એક નામ, પછી તે ગમે તેવા અર્થવાળું હોય, તોપણ તેનું પુનઃ પુનઃ ઉચ્ચારણ અને ઉલ્લેખ સાંભળવાથી તે સામાન્યવત્ થઈ જાય છે; અને જો એ અર્થ બીજા નામના ઢાંકણમાં મનુષ્ય દૃષ્ટિ આગળ ન આવવા પામે તો મનુષ્યની પ્રગતિ અટકી પડે એમાં શક નથી.

એક કાળે જૈન દર્શન એ ચારિત્રને ખીલવવાની શાળા હતી. તે દર્શને વિહિત કરેલા અનેક આચારો અને વિધિઓ સર્વ ભિન્ન ભિન્ન પ્રકૃતિના મનુષ્યોને બંધ બેસતા થઇ પડે તે માટે સૂક્ષ્મ બુદ્ધિ અને વિવેકપૂર્વક સ્થાપિત કરવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવ્યા હતા. બધા જ આચારોને બધા જ મનુષ્યો અનુસરે કે પાળે એમ કાંઇ નહોતું, જેને જેવું ચારિત્ર ખીલાવવું હોય તેને અનુસરતો આચાર તે તે મનુષ્ય અનુસરે એવો નિયમ હતો. જેમ ઇસ્પીતાળ માહેની બધી જ દવાઓ બધા જ દર્દીએ ખાવી જોઇએ એમ નથી, તેમ શાસ્ત્રમાં દર્શાવેલા બધા જ આચારો અને વિવિધ પ્રકારની ક્રિયાઓનું અનુશીલન પ્રત્યેક અનુયાયીએ કરવું એમ ફરજીઆત નહોતું. જેમ અમુક રોગથી પીડીત દર્દવાળાએ આખી ઇસ્પીતાળમાંથી અમુક બે ચાર જાતની દવાઓ જ લેવી જોઇએ તેમ, અમુક પ્રકારના ચારિત્રવાળા મનુષ્યે પોતાને જેવા પ્રકારનું તે ચારિત્ર રચવું હોય તેને અનુરૂપ આચારો જ સેવવા એવું ધોરણ પ્રચલીત હોવું જોઇએ. પ્રત્યેક મનુષ્ય એ અસંખ્ય યોગોને અને અગાણીત સાધનોને એક સામટો અનુસરી શકે એમ બને જ નહી. શાસ્ત્રો એ દવાખાના જેવા છે. જેમ અસંખ્ય આષધિઓ છે તેમ શાસ્ત્રમાં અનેક આચારોની ગોઠવણ કરેલી છે. એ બધા જ બધાને માટે નહી, પરંતુ તે માંહેના અમુક અમુક પ્રકારના મનુષ્યો માટે છે.

શાસ્ત્રીય ગ્રંથોમાં ચારિત્રને ઘડવાની ગમે તે પદ્ધતિ આપી હોય તે સાથે અત્યારે આપણે કાંઇ સંબંધ નથી. કેમકે કાળના ઘસારામાં એ બધી વાતો તેના મૂળ સ્વરૂપથી કાંઇ જુદાજ પ્રકારે અત્યારે આપણા જોવામાં આવે છે.

હમે જુનુ એટલુ બધુંજ યોગ્ય માનતા નથી. એકપક્ષે જેમ હમે નવાને-પછી તે ગમે તેવું બેવકુફાઈ ભરેલું હોય-વધાવી લેતા નથી, તેમ જુનાને પણ-પછી તે ગમે તેવું ગોટા પડતું અને અર્થ ભ્રષ્ટ હોય-અયોગ્ય આદર આપતા નથી. એ બધામાંથી જે કાંઇ આપણી વર્તમાન પરિસ્થતિને ઉપયુક્ત થઇ પડે તેનાજ હમે સ્વીકાર કરીએ છીએ. કહેવાનું તાત્પર્ય એટલુંજ છે કે હમે આ સ્થાને ચારિત્ર-ગઠનની જે યોજના આપીએ છીએ તે જુના અને નવાનું મિશ્રણ છે. એ ઉભયમાંથી જે મુદ્દાઓ કાળની અને પરીક્ષાની કસોટીમાં સાચાઠર્યા છે તેનેજ હમે અત્ર આપવા ધાર્યું છે. હમને પોતાને જુના ઉપર મોહ નથી તેમ નવા ઉપર દ્વેષ સ્થાન નથી. અજ્ઞપણાથી કે પોતાની શક્તિનો વિચાર કર્યા વિના દીવસોના દીવસો સુધી માત્ર ઉપવાસ ખેંચી કાઢવા, શરીરની અને મનની સ્વાભાવિક અને કુદરતી હાજતો ઉપર બળાત્કાર કરી તેમની પાસે અમુક પ્રકારની ટેવો પડાવવી, કલાકોનાકલાક સુધી એક ઠેકાણે એક આસને બેસીને મંત્ર જાપ કરાવવા એ સર્વમાં હમને પોતાને વિશ્વાસ નથી. એથી કાંઇ ચારિત્ર સુધરવા પામતું હોય એ હમે માની શકતા નથી, અને કોઇપણ બુદ્ધિમાન મનુષ્ય એ પ્રકારે માની પણ શકે નહી. જે કાંઈ અસ્વાભાવીક છે, આપણી વર્તમાન લાગણીઓ ઉપર આઘાત ઉપજાવનાર છે, મનને અતિશય કંટાળો આપનાર છે, જે આચારમાં નવાણું ટકા અરૂચિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને અણગમાનુ તત્વ ઉભરાતું હોય છે. એ સર્વ ચારિત્ર સુધારવાને બદલે ઉલટુ મનુષ્ય જીવનને અકુદરતી ( abhormal ) બનાવે છે એવા આચારોના અતિ સેવનથી ચિત સ્થિતિ બેચેન, નિર્વેદમય, ગ્લાનીપૂર્ણ અને જ્યાં ત્યાં દુ:ખને જોવા વાળી બની જાય છે. હમારૂં એમ માનવું છે કે ચારિત્ર-ગઠનની પદ્ધતિ કુદરતના સાહજીક ક્રમથી લેશપણ ઉલટી નજ હોવી જોઇએ. દરેક બાબતમાં કુદરતનુંજ અનુકરણ કરવું જોઈએ. વિશ્વમાં નિસર્ગશકિત કેવા પ્રકારે કામ કરી રહી છે એના સૂક્ષ્મ અવલોકન ઉપરથી જ આપણી બધી ગોઠવણો ઉપજવી જોઇએ. જ્યાં એમ ન થાય ત્યાં ધારેલુ પરિણામ આવતુંજ નથી. આથી આપણા મનો ધર્મને નજરમાં રાખીને, તેમજ તે મન કેવા પ્રકારે કામ કરી રહ્યું છે, એ ક્રમને લક્ષીને હમે આ ચારિત્ર-ગઠનની યોજના વિસ્તારીશું.

પ્રથમ તો આપણે આપણા જીવનનો લક્ષ્ય નક્કી કરવો જોઇએ. જ્યાંસુધી આપણા જીવનમાં કોઇ પ્રકારનો આદર્શ હોતો નથી ત્યાંસુધી જીવન-નૌકા કોઈ પણ ધારેલા સ્થાને જવાને બદલે આ સંસાર સાગરમાં હેતુશૂન્યપણે જ્યાં રાગદ્વેષરૂપી પવન તેને ઘસડી જાય ત્યાં ઘસડાયા કરે છે. કોઇ પ્રકારનો ઉદ્દેશ નક્કી કરવો એમાં ચારિત્ર-બંધારણનું રહસ્ય સમાએલું છે. કેમકે જ્યાંસુધી તે નક્કી થાય નહી ત્યાંસુધી ચારિત્રનું સ્વરૂપ પણ નક્કી થઇ શકે નહી. ચારિત્ર એ બીજુ કાંઇજ નથી પરંતુ આપણને આપણા આદર્શ સ્થાન કે લક્ષ્ય સ્થિતિએ પહોંચાડવામાં સહાય કરનાર અનુકુળ તન મનની અવસ્થા છે. તમોએ જેવો આદર્શ નક્કી કર્યો હોય તેને અનુરૂપ બને તેવી મનની સ્થિતિ સ્વયં ઉપજી આવે છે. માત્ર તેવી મનો સ્થિતિ ઉપજાવવા માટે એ સ્થિતિને અંગે રહેલા મનના લક્ષણો ઉપર ધ્યાન અને સંભાળ રાખવી પડે છે. આપણા મનના ઇષ્ટ લક્ષણો એ ગુલાબના રોપા જેવા છે. ગુલાબના છોડ ઉપર જેમ આપણે વધારે સંભાળ અને ધ્યાન આપીએ તેમ તે અધિક અધિક વિકસે છે. ઇષ્ટ મનોગુણ એ માનસ-ગુલાબ છે; અને તેના ઉપર સંભાળ અર્પવાથી તે અધિક સુંદર, શોભામય સુવિકસિત બને છે. તમે પ્રયોગ તરીકે એકાદ મનોલક્ષણ ખીલવવા માગતા હો તો એ લક્ષણનો મનોમય રીતે તમારામાં આરોપ કરી જાણે કે તે અત્યારે જ તમારામાં છે એમ કલ્પો; અને શબ્દોદ્વારા તેના અસ્તિત્વનું તમારા અંત:કરણ ઉપર દૃઢ પ્રતિપાદન કરો. અર્થયુક્ત શબ્દોમાં અત્યંત સામર્થ્ય રહેલું છે. આપણા શાસ્ત્રકારો એવા અર્થયુક્ત શબ્દોને "મંત્ર" ના નામથી સંબોધે છે. પરંતુ સરત એટલી કે તે **અર્થ-ભાવના** સાથે ઉચ્ચારાવા જોઇએ, અને તમારા મનમાં એ અર્થને અનુરૂપ ચિત્ર પ્રગટેલુ હોવું જોઇએ. પોપટની માફક પઢવાથી કશોજ લાભ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માણસનું અત્યારનું ચારિત્ર એ તેના વિચારોનું, તેની કલ્પનાઓનું અને આદર્શોનું પરિણામ છે. જે માણસ પોતાને પોતાની કલ્પનામાં નિરંતર પામર, શક્તિહિન, વિજયહિન, ગરીબ અને દુનીયાના પગે કચરાતો જોવે છે, એ માણસ તેનું મનોમય બંધારણ એવા પ્રકારનું રચતો હોય છે કે આખરે તેનું અખિલ જીવન અને પ્રકૃતિ એવા અનિષ્ટ મનોભાવોવડે ભરપૂર બની જાય છે; અને એવા વિચારોને અનુસરતું તેનું બાહ્ય જીવન પણ રચાય છે. એથી ઉલટું જે મનુષ્ય પોતાને ચોતરફ વિજયી, શક્તિમાન, ધારેલું કામ પાર ઉતારનાર, અને સર્વ વિઘ્નોને ઓળંગી જનાર માને છે તે વસ્તુત: બાહ્ય ચારિત્ર પણ તેવુંજ પ્રગટાવી શકે છે માણસ પોતાની આંતરસૃષ્ટિના પ્રમાણે જ બહારની સૃષ્ટિ ઘડે છે એવો કુદરતનો સનાતન શાશ્વત નિયમ છે. તમે તમારા આંતર મનમાં ( subconscious mind ) ઇર્ષ્યા, અદેખાઇ, દ્વેષને પોષણ આપશો તો તમે આખા વિશ્વમાંથી એ પ્રકારનું સત્વ આકર્ષવાના. તમારૂં સર્વ જીવન અને ચારિત્ર એ આંતરભાવને અનુસરતુ બની જવાનું.

સામાન્ય મનુષ્યો એમ માનતા હોય છે કે પોતાના ચારિત્રના જે કાંઇ શુભાશુભ લક્ષણો હોય છે, તેનામાં ફેરફાર કરવો એ કાંઇ પોતાની સત્તાની વાત નથી. તેઓ પોતાની વર્તમાન ચારિત્રની સ્થિતિને તે જેવા રૂપે છે, તેવા રૂપે કાંઇપણ પ્રશ્ન વિના, સ્વીકારીજ લે છે, તેમાં જાણે પોતાનો કાંઇજ ઇલાજ નથી એમ માની તેને અચળ, નહીં ફેરવી શકાય તેવી, અને દૃઢ માને છે, અજ્ઞાન ભરેલી લૌકિક કહેવત પણ "પ્રાણ અને પ્રકૃતિ સાથે જવાના" એમ બોલીને લોકોના અજ્ઞાનને પોષણ આપે છે. યુરોપવાસીઓ પણ એવાજ આશયનું કથન ઉચ્ચારી સંતોષ માને છે કે, "I am just as the Lord made me" અર્થાત્ "મને પ્રભુએ જેવો બનાવ્યો તેવો હું છું." બધી વાત માત્રનો અંત ત્યાં આવી જાય છે, અને જાણે કે હવે સુધારાને માટે કશોજ અવકાશ રહ્યો નથી એમ માની લે છે. ક્રોધી મનુષ્યો પોતેજ પોતાના મુખથી કહેતા સંભળાય છે કે "ભાઇ મારો મીજાજ મારા હાથમાં નથી, તમારે એ પ્રસંગે જરા ખમી ખાવું. હું મારા જીવને ઘણોય વારી રાખું છું પણ એ તે શું કાંઇ આપણી મરજીની વાત હતી ? એ તો પ્રાણને પ્રકૃતિ સાથે જવાના એ સ્વભાવને સુધારવાની કડાકુટ નકામી છે, કુતરાની પુંછડીનો વાંકા રહેવાનો સ્વભાવ જેમ કદીજ જતો નથી તેમ મારી પ્રકૃતિ પણ ગમે તેટલા પ્રયત્નથી જવાની નહીં." વાસ્તવમાં આમ કહેનાર માણસ ભુલે છે. અલબત ખરૂં છે કે અજ્ઞાનના ગાઢા આવરણમાં રહેલા આત્માને એ ચારિત્ર સુધારવાનો અવકાશ જણાતો નથી. છતાં પણ તે જરા વધારે બારીકીથી તપાસશે તો જણાશે કે તેની પ્રકૃતિ, સ્વભાવ અથવા ચારિત્ર હમેશાં ફેરફારના ક્રમ ઉપર છે, તેના આસપાસના સંયોગોથી બી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાઓ સાથેના તેના સહવાસથી બીજાઓ તરફથી તેને મળતી સૂચનાઓથી તેનું ચારિત્ર અવ્યકતપણે નિરંતર પરિવર્તન પામતુંજ જાય છે. તેને ખબર હોતી નથી કે તે અમુક અમુક બાબતોમાં રસ લેવાથી અને તે ઉપર મનને સ્થિર કરવાથી તેનું ચારિત્ર અવ્યકતપણે (unconsciously) ફેરફાર પામતુંજ ચાલે છે, તેણે સમજવું જોઇએ કે તેનું અત્યારનું ચારિત્ર એ જન્મકાળે જે ચારિત્ર–દ્રવ્ય ( character stuff ) લઇને આવ્યો હતો તેમાંથી પરિણામ પામેલું છે, અર્થાત્ તેમાં અનેક ફેરફાર થતા થતા તે હાલની સ્થિતિએ આવ્યું છે.

સબળ અને નિર્બળ મનુષ્ય વચ્ચે ભેદ એટલોજ છે કે સબળ મનુષ્ય પોતાના ચારિત્રને પોતાની મરજી અનુસાર ઘડી શકે છે, તે તેનો પોતાનો માલીક છે, નિર્બળ મનુષ્ય એ તેની આસપાસના સંયોગોનું પ્રાણી છે, તેને બીજા મનુષ્યોની અસરને આધીન રહેવું પડે છે, તેને કોઇ ગુસ્સે કરવા માગે તો તે ગુસ્સે થાય છે, રાજી કરવા માગે તો તે રાજી થાય છે. તેનું મન મીણના જેવું પોચું અને સંસ્કારને વશ હોય છે, તેના પોતાના મનનો તે માલીક નથી. કોઇ બીવરાવે તો બીવે છે, કોઇ હીમત આપે તો હીમતી બને છે, તેના પોતાના સ્વતંત્ર સંકલ્પને ( will) અવકાશ હોતો નથી, આથી ચારિત્રને ઉત્તમ પ્રકારનું ઘડવા ઇચ્છનારે પોતે પોતાના સ્વામી, પોતે પોતાના માલીક બનવું જોઇએ.

આત્મા એ મનનો સ્વામી છે, શરીરને જેમ કસરતથી ઉત્તમ પ્રકારનું, સુદ્દઢ અને બળવાન બનાવી શકાય છે, તેમ આત્મા ધારે તો મનને પણ તેવુંજ બળવાન કાર્યકર અને ઉત્તમ પ્રકારનું બનાવી શકે છે. આપણા મનની સ્થિતિને તે હાલ જેવા રૂપે છે, તેવા રૂપે સ્વીકારી લઇ સંતોષ માનવો અથવા તેને અનિવાર્ય અચળ અને સ્થિર માનવી તે ભૂલ છે. ખરી રીતે તો કોઇ મનુષ્ય અંતઃકરણથી એમ માનતોજ નથી, કેમકે તે બીજાઓને તેમનું ચારિત્ર સુધારવાનો છુટથી ઉપદેશ આપ્યા કરે છે, ચારિત્ર સુધારવાનો અવકાશ તે ન સ્વીકારતો હોય તો તે કદીજ એવો ઉપદેશ આપે નહીં પણ જ્યારે આપણે જોઇએ છીએ કે જેમના ચારિત્રને હજી સેંકડો દીશામાં સુધરવાનું બાકી છે તેવા મનુષ્યો બીજાઓને અનેક બાબતમાં સલાહ આપે છે, ડાહ્યા અને સમજુ થવાની ભલામણ કરે છે, વિવેકી અને શાણા બનવાની શીખામણ આપે છે, કોઇની નિંદા અને કોઇની સ્તુતિ કરે છે, ત્યારે એમ માન્યા વિના નથીજ ચાલતું કે તેઓ પોતે અંતઃકરણથી માને છે કે તેઓ પોતે પણ ધારે તો સુધરી શકે તેમ છે, કેમકે જે વાત બીજા માટે શકય માને છે, તે પોતાના માટે શામાટે ન માને ? જરૂર માનેજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણું વર્તમાન ચારિત્ર ઘણા કારણોને લઇને નિર્માયું છે, તેમાં મુખ્ય તો આ પ્રમાણે છે. (૧) આપણા ગત જીવનોના અનુભવનું પરિણામ (૨) કુળ પરંપરાગત સંસ્કારો (heredity) (૩) આપણી આસપાસની પરિસ્થિતિઓ, સંયોગો, પરિવેષ્ટનો વિગેરે. (૪) બીજા મનુષ્યો તરફથી આપણને મળતી સૂચનાઓ, ભાવનાઓ અથવા દ્યોતનો (suggestions) અને (૫) આપણે પોતે આપણા પોતાના અંતઃકરણમાં સ્વતંત્રપણે બાંધેલા નિશ્ચયો અથવા આત્મદ્યોતનો (auto-suggestions) એ બધાના એકંદર પરિણામથી જે પ્રકારની આપણી મનોસ્થિતિ રચાય છે, વલણો બંધાય છે, અને લક્ષણોનો સમુહ બંધાય છે, તેને આપણે ચારિત્ર કહીએ છીએ. પરંતુ એ સર્વને આપણે આપણા વર્તમાન પ્રયત્નથી ફેરવી શકીએ તેમ છીએ. આપણે રચેલા અને નિર્ધારિત કરેલા આદર્શને અનુકુળ બને તેવા રૂપે તેને ઘટાવી શકીએ તેમ છીએ. તેને ફેરવી શકાય છે, નવેસર ઘડી શકાય છે, ગમે ત્યારે ગમે તેટલો સુધારો વધારો તેમાં કરી શકાય છે એ વાતમાં પ્રથમ શ્રદ્ધા રાખવી જોઇએ અને આ નીચે અમે એ બધું કરવા માટે જે પદ્ધતિ આપવાના છીએ તે એટલી બધી સરળ અને સુગમ છે કે અમને ડર રહે છે કે તેની અતિશય સાદાઇને લઇને ઘણા વાચકો તેનો અનાદર કરશે. લોકોને કાંઇક વધુ ગુંચવણ ભરેલું આંટીઘુંટીવાળું અને જટીલ ઘટનાવાળી વસ્તુ બહુ ગમે છે. પરંતુ તેના ઉત્તરમાં કહેવા દો કે કુદરતનો ક્રમ બહુ સીધો છે, સરળ છે, અવિષમ છે. એના સહજ, સ્વાભાવીક રસ્તાનો પરિત્યાગ કરીને ગુંચવણમાં પડવાથી ઉલટા આપણે ગુંચાઇ મરીએ છીએ, માટે સાદાઇ અને સરળતા દેખીને "કશું જ દમવાળું એમાં નથી" એવું માનવાની ઘેલછા કરશો નહીં.

આપણી વર્તમાન ચારિત્ર સ્થિતિ ફેરવવા માટે પ્રથમ તો એટલું આવશ્યક છે કે તેમ કરવાની આપણામાં ઇચ્છા હોવી જોઇએ. જ્યાંસુધી તે પ્રકારની પ્રબળ ઇચ્છા ન હોય ત્યાંસુધી ગમે તેવો સંકલ્પ કે નિશ્ચય નકામો છે. આપણો અમુક બાબતમાં ગમે તેવો દઢ નિશ્ચય હોય છતાં પણ તે બાબત સંબંધે આપણી ઇચ્છા, રસ, મરજી ન હોય તો તે નિશ્ચય કશું જ કરવા અસમર્થ નીવડે છે. ઘણા મનુષ્યો ઇચ્છાનો અર્થ બહુ હલકો કરે છે. પરંતુ ઇચ્છાનું તેમ હલકું સ્વરૂપ હોઇ શકે છે તેમ ઉચ્ચ સ્વરૂપ પણ હોઇ શકે છે એ ભુલવું જોઇએ નહી. માણસ પોતાની હલકી ઇચ્છાઓને ત્યજી દે છે, ત્યાં કારણ એજ હોય છે કે તેનામાં બીજી જાતની ઉચ્ચતર ઇચ્છાઓનો ઉદય થયો હોય છે. આથી પ્રથમ તો આપણું ચારિત્ર શુભ લક્ષણોથી ભરેલું હોવાની આપણામાં પ્રબળ ઇચ્છા જોઇએ. જ્યાંસુધી એવી પ્રબળ ઇચ્છા ન હોય ત્યાંસુધી સંકલ્પબળ ગમે તેટલું જોર કરે તો પણ કશું જ પરિણામ આવતું નથી. ઇચ્છામાં રસનું તત્વ છે. એ રસની દીશામાં જ આત્મા પ્રયાણ કરી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રસનો અભાવ એ પ્રયત્નનો અભાવ માગી જ લે છે. જ્યાં રસ નથીત્યાં પ્રયત્ન નથી. પ્રયત્ન નથી ત્યાં પ્રગતિ નથી. આથી પોતાના ચારિત્રમાં ભવ્યતા આણવાના ઇચ્છક પુરૂષે પ્રથમ રસને પ્રાપ્ત કરવો જોઇએ. રસ વિના બધો પ્રયત્ન બોજારૂપ, કડાકુટથી ભરેલો કંટાળાવાળો અને વિષમ જણાય છે. બળાત્કારથી ચારિત્ર ફેરવાતુ નથી. આથી **રસ** એ ચારિત્ર-ગઠનનો પ્રથમ અંક છે.

પરંતુ તમે કહેશો કે અમુક બાબતમાં " રસ " હોવો એ કાંઇ મારા હાથમાં નથી. એ તો સ્વભાવિક છે. અમુક પ્રકારના વિષયોમાં મને રસ છે અને અમુકમાં નથી તેનું કાંઇ ખાસ કારણ હોતું નથી. એક જણને કારેલાના શાકમાં, "રસ" અનુભવાય છે ત્યારે બીજાને તેમાં કડવાશ શિવાય કાંઇ જ માલુમ પડતું નથી. આથી એ "રસ" તો આત્માના બંધારણ સાથેજ રચાયેલો જણાય છે. હવે અત્યારે તેમાં ફેરફાર બને નહી. વિશેષ વિચારના અભાવે આ દલીલ સોએ સો ટકા ખરી ભાસે છે, પરંતુ વાસ્તવમાં એ સત્ય નથી. રસમાં ફેરફાર થઇ શકે છે. અમુક વિષય ઉપર દીર્ઘકાળ મનને વસવા દેવાથી તે વિષયમાં આત્મા " રસાનુભવ " કરી શકે છે. પ્રત્યેક મનુષ્યને આ પ્રકારનો અનુભવ થોડા ઘણો થયો હોય છે એમ માનવામાં બાધ નથી. એક વિષય ઉપર બહુ કાળ મનને સ્થિર કરવાથી જેમ એક પક્ષે ઉત્તમ લક્ષણોને ખીલવી શકાય છે, તેમ અન્ય પક્ષે એ વિષય અધમ હોય તો અધમ લક્ષણો પણ ઉગી નીકળે છે. યુવાવસ્થાના આકર્ષક અને રમણીય ક્ષેત્રમાં પ્રથમ પગલુ મુકનારને પોતાના જીવનમાં ભ્રષ્ટતા આણવાની મુદ્દલ ઇચ્છા હોતી નથી, તેના હૃદયમાં અનેક મહત્વાકાંક્ષાઓ અને ભવ્ય ભાવનાઓ ઉભરાતી હોય છે, અને જીવનને એક ઉત્કૃષ્ટ આદર્શને અનુસરતું રચવા તેનું મન ઉદ્યોગશીલ બન્યું હોય છે. પરંતુ થોડા જ કાળ પછી તે દારૂ, ઇશ્ક, રંડીબાજી અને એવી બીજી " મોજમજા " ની વાતો બીજાના મુખેથી સાંભળે છે, અથવા કોઇ પુસ્તકમાં વાંચે છે. આ વાતો ઉપર તે પોતાના મનને સ્થિર થવાની રજા આપે છે, અનેએ બધા વિષયોને તે મનોમય રિતે કલ્પના દેહથી ભોગવે છે. થોડો વખત આમને આમ ચાલ્યા પછી તે એ વિષયોમાં "રસ" અનુભવે છે. તેનામાં તે તે પ્રકારની વાસનાનું બીજ રોપાય છે. કલ્પનામાં તે વાસનાને પોષણ આપી તે ઉછેરે છે. થોડા સમયમાં તેને જણાય છે કે એ વાસના હવે પોતાનો બહિર્ભાવ શોધે છે, અર્થાત્ તે સ્થૂળભૂમિકા ઉપર આવવા ઇન્તેજાર બની છે. માત્ર કલ્પનામાં જ નહી પરંતુ કાર્યરૂપે પરિણામ પામવા તે નિમિત શોધે છે.

આ વિશ્વ ઉપર બધા પ્રકારના અધમ કર્તવ્યો, વ્યભિચારો, દૂષણો, ગુન્હાઓ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુર્ખાઇઓ અને અત્યાચારો આ પ્રકારે જ બનેલા હોય છે. પ્રથમ તો તેમાં આત્માને રસ હોતો નથી, પરંતુ તે તે જાતના વિષયોના ક્ષેત્ર ઉપર મનને વિહરવા દીધાથી તેમાંથી " રસ " ઉત્પન્ન થાય છે. એ રસ હૃદયમાં બીજનું કાર્ય કરી વધે છે. કલ્પનાભોગથી તેને પોષણ પામી વધવાનું બને છે. એ વધ્યા પછી આત્મા પરવશ બને છે. જો કે એ બીજને પોષણ અને સામર્થ્ય આત્મા તરફથી જ મળ્યું હોય છે, છતાં આત્મા તેના આગળ હારી જઈ અધમતામાં ઘસડાયા શિવાય રહી શકતો નથી, પ્રથમ ક્ષણે રસ ઉપજાવતી વેળાએ, તેને તેમાંથી આવા પરિણામો આવવાની મુદ્દલ શંકા હોતી નથી, પરંતુ પ્રિય વાચક ! કદાચ તમારા અંત:કરણમાં આવા પ્રકારનો કોઇ અનિષ્ટ પરિણામ ઉપજાવનારો રસ બીજરૂપે રહેલો હોય તો તમારે ચેતવાનું છે. તેને શોધીને તમારા અંત:કરણમાંથી ખેંચી કાઢો અથવા તેને પોષણ દેવું બંધ કરી, તેનાથી વિરોધી રસની જમાવટ કરો. હમે કરેલી આ સૂચના તરફ તમે અનાદરથી જોશો નહી. તમારા ભાવિના જીવનને અધમ કે ઉત્તમ, આસુરિ કે દૈવી બનાવવાનો આધાર, આ સૂચના તમે ગ્રહણ કરો છો કે નહી તેના ઉપર રહેવાનો છે. આ દુનીઆમાં મનુષ્યોના હાથથી જે જે ખરાબીઓ અને બુરાઇઓ બની રહી છે તેના મૂળ કારણો આ "રસ" માંથી ઉદ્‌ભવેલા છે. મનુષ્યો પરિણામ ભણી જુવે છે. કારણ ભણી જોવાનો પ્રસંગ માત્ર તત્વજ્ઞો જ મેળવી શકે છે.

પરંતુ તે સાથે એટલું પણ સ્મૃતિમાં રાખો કે જે " રસ " ભ્રષ્ટતા ભણી ખેંચી જાય છે તેજ " રસ " ને યોગ્ય દીશામાં વાળવાથી તે દીવ્યતા ભણી પણ દોરી જાય છે. આત્મામાં એ રસને સંક્રમણ પમાડવાની અદ્‌ભુત સત્તા રહેલી છે, અધમ પરિણામો લાવનારા રસ બીજકોને પોષીને મોટા કરવા એ જેમ સરલ અને સ્વાભાવિક જણાય છે તેમ ઉત્તમ પરિણામો લાવનારા રસ બીજકોના સંબંધે પણ છે. તમારા ચારિત્રમાં તમને કોઇ પ્રકારની ખામીઓ, દોષો અપૂર્ણતાઓ જણાય ( અને તે કોનામાં નથી ? ) અને છતાં તેમાં ફેરફાર કરવા માટે તમારામાં આવશ્યક મનોબળ ( will power ) ન જણાય તો શરૂઆતમાં તમે ફક્ત આટલું જ કરો ! સુધરવાની ઇચ્છા કરો, એ સુધરેલી સ્થિતિમાં મનોમય રીતે રસાનુભવ કરો. એ રસબીજકને પ્રથમ સંભાળથી પોષણ આપો. બીજા હજારો પ્રકારના વગડાઉ વેલાના જુથમાં એ રસનો નાનકડો રોપો અટવાઇને ચુંથાઇ ન જાય તેની સંભાળ રાખો. તમે જે પ્રકારનો સુધારો કરવાની ઇચ્છા રચી છે તે સુધારો તમારા ચારિત્રમાં પ્રગટ થયા પછીની તમારી સ્થિતિ જે પ્રકારની બને તે પ્રકારની સ્થિતિને તમે અત્યારથી જ મનોમય રીતે જોયા કરો, અને તે તમારામાં હોય તો કેવું સારૂં, એવી ભાવના કરો. તમને થોડા જ વખતમાં જણાશે કે તમે એ સુધારો પ્રગટાવવા માટે પ્રગતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી રહ્યા છે. હવે તે વિના તમને ચેન પડતું નથી. ચારિત્રના એ ગુણને વ્યક્ત કરવામાં તમારો રસ અધિક અધિક જામતો જાય છે. એ રસની પછવાડે સંકલ્પ–બળ આવે જ છે. એ સંકલ્પ–બળથી એ લક્ષણો પ્રાપ્ત કરવાના માર્ગમાં જે પ્રતિબંધો અને વિઘ્નો રહેલા છે તેનો પરિહાર થાય છે. પ્રબળ રસના પ્રભાવથી મનુષ્યોએ જે જે મહત્ પ્રાપ્તિઓ કરી છે તેનું વિવેચન કરવાનો આ યોગ્ય અવસર નથી. પરંતુ એ રસ વિના સંકલ્પ–બળ કશું જ કરી શકતો નથી. આથી એટલો નિર્ણય થાય છે કે પ્રથમ રસ પછી નિશ્ચય–બળ, પછી પ્રયત્ન અને તે પછી ફળ એમ અનુક્રમ રહેલો છે.

તમારા ચારિત્રબંધારણમાં કોઇ પ્રકારના અનિષ્ટ લક્ષણો તમને જોવામાં આવે તો તેને પોષણ આપતા બંધ પડો, અને તે પોષણના અભાવે તે લક્ષણો પોતાની મેળે મરી જવાના. તે સાથે એ લક્ષણોના વિરોધી ઇષ્ટ લક્ષણો તમારી હૃદય–ભૂમિ ઉપર ઉપજાવવા પ્રયત્ન કરો. અધમ વાસનાઓને હૃદય–ક્ષેત્ર ઉપર સ્થાન આપવાની ચોખી ના પાડવાથી, તેમજ તેમને માનસીક ખોરાક આપવો બંધ કરી દેવાથી તે વધતા બંધ પડી જાય છે, જેમ ખાતર અને પાણી આપવું બંધ કરવાથી વનસ્પતિનો રોપો સુકાઇને ક્ષીણ બની જાય છે, તેમ રસનું પોષણ તે તે વાસનાને મળતું અટકી પડવાથી તે ક્ષય પામી આખરે નિર્મૂળ બને છે. આ સૂચના ચારિત્રને ઉત્તમ પ્રકારનું બનાવવા ઇચ્છનારને અત્યંત અગત્યની છે. તેથી પુનઃ કહીએ છીએ કે એવી અનિષ્ટ ઇચ્છાઓઉપર મનને સ્થીર કરવાની સમુળગી ના પાડી દો ! તમારા ધ્યાનને એ વિષય ઉપરથી ઉઠાવી બીજા ઠેકાણે ચોડી દો, ખાસ કરીને કલ્પનાને તે વિષયનો રસાસ્વાદ ન કરવા દો ! શરૂઆતમાં એમ કરવામાં બહુ આયાસ જણાય છે. વારંવાર કલ્પના છટકી જઇને પોતાના રસપ્રદ વિષયમાંથી આનંદ ચુસવા બેસી જાય છે. પરંતુ પ્રત્યેક પ્રયત્નની સાથે તે અધિક અધિક કાબુમાં આવતી જાય છે. એક વખત તમે કલ્પનાને તેના વિષયથી વિખુટી પાડવા શક્તિમાન બનશો એટલે પુનઃ પ્રયત્ન કરતી વેળા પ્રથમ પ્રયત્નને જેટલી મહેનત પડવાની નહી, લાલચુ બનો નહી. " એક વખતને માટે ભોગવી લેવા દો. હવે પછી ફરીથી એમ નહી કરૂં " એમ કદી પણ મનને ઢીલું મુકો નહી. ' વાસનાનો ડંખજ એ " એક વખત " માં રહેલો છે. " એક વખત " ની લાલચ આગળ મુંડી નમાવી તો પછી તમારો વિજય લાખો કોશ દુર છે એ જરૂર માનો.

એ સાથે એ પણ એટલુંજ અગત્યનું છે કે એ અનિષ્ટ લક્ષણનું ચિંતન અટકાવવા સાથે ઇષ્ટ લક્ષણમાં " રસ " અનુભવવા પ્રયત્ન કરો. ઇષ્ટ લક્ષણનું બને તેટલું ચિંતન કરી તેમાં રસવૃત્તિ પ્રગટાવો, બહુ પ્રેમપૂર્વક, મમતાપૂર્વક એ લક્ષ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ણને ચાહો; અને એ લક્ષણનો તમારી ચારિત્રઘટનામાં પૂર્ણ બહિર્ભાવ થયા પછી તમારી સ્થિતિ કેવી બદલાઇ જવાની એનું રસપૂર્વક મનોમય ચિત્ર રચો. એમ કરવાથી તમે એવી હદે આવી પહોંચશો કે જ્યાં એ લક્ષણ વિના તમને આરામ મળવાનો નહી. તે વીના તમારૂં જીવન તમને અધુરૂં અધુરૂં ભાસવાનું.

રસવૃત્તિ ઉશ્કેરાયા પછી તે લક્ષણ અથવા પ્રાપ્તિ (attainment) મેળવવા માટે શ્રદ્ધાની જરૂર છે. એટલે કે, "હું જરૂર તે મેળવી શકીશ" એવો દૃઢ વિશ્વાસ જોઇએ. આ "શ્રદ્ધા" પણ "રસ" ની માફક માગ્યા પ્રમાણે આવી મળતી નથી. અર્થાત્ મનુષ્યો ધારે છે, તેમ એ "શ્રદ્ધા" રાખવી કાંઇ આપણા હાથમાં નથી. વાસ્તવમાં "રસ" જ્યારે ચિંતનથી મળી શકે છે ત્યારે "શ્રદ્ધા" કાર્ય વિના સાંપડી શક્તિ નથી. અમુક કાર્ય પાર પાડયા પછીજ આપણે તેવું બીજું કામ કરી શકીશું એવી શ્રદ્ધા બંધાય છે. વિજય મળ્યા વિના શ્રદ્ધા બંધાતી જ નથી, આથી જેમના હૃદયમાં એ પ્રકારનો વિશ્વાસ નથી તેમણે કોઇ પ્રકારના કાર્યમાં-શરૂઆતમાં નાના કાર્યમાં ખંત અને ઉદ્યોગવડે મહેનત કરી સિદ્ધિ મેળવવી જોઇએ. એમ કરવાથી આપણા સામર્થ્યમાં આપણને વિશ્વાસ બંધાય છે. દાખલા દલીલોથી શ્રદ્ધા આવતી નથી, તે તો આપણા હાથે બનેલી કાર્યસિદ્ધિમાંથી આવી શકે છે. આમ હોઇને નાના કાર્યોમાં સતત ખંત અને પ્રયત્નવડે સંપૂર્ણ વિજય મેળવી શ્રદ્ધા સંપાદન કરવી એ ચારિત્રઘટનાનું બીજું પગથીઉં છે. આ શ્રદ્ધાનું પ્રમાણ જેટલે દરજ્જે અધિક હોય છે તેટલે દરજ્જે મનુષ્ય પોતાના ચારિત્રમાં ઉત્તમ લક્ષણો ઉપજાવવા અધિક અધિક શક્તિમાન બને છે. આ એક પરમ સિદ્ધ આધ્યાત્મિક મહા નિયમ છે કે શ્રદ્ધાના પ્રમાણમાંજ કાર્ય બને છે. શ્રદ્ધા મનનો ચીલો સાફ કરી બધા પ્રતિબંધોને બાજુએ ખસેડી નાખે છે. કામમાં સરલતા કરી આપે છે. વિઘ્નોના પ્રસંગે આત્માને અડગ અને સ્થિર રાખે છે. નિર્બળ શ્રદ્ધાવાળા મનુષ્યોને કાયર બનતા વાર લાગતી નથી. આવા મનુષ્યો પોતાને તેમજ પારકાને કશાજ ઉપયોગના નથી. જરા વિષમ સંયોગો આવતા, અથવા સ્હેજ વિઘ્ન આવતા, હાથમાં લીધેલું કામ હેઠું મુકીને પોતાની નિત્યની જુની ધરેડોમાં પોતાનું ગાડું વાળી લે છે. આથી પ્રથમ "રસ" પછી "શ્રદ્ધા" અને તે પછી કાર્યમાં પ્રવર્તવાનો "નિશ્ચય અથવા સંકલ્પ." (will power)

આ સંકલ્પબળના સંબંધે બહુ ગેરસમજુતી પ્રવર્તેલી જણાય છે. ઘણા લોકો માને છે કે સંકલ્પબળ એ જાણે મુઠીઓ વાળી ગુસ્સાથી ભ્રકુટિ ચઢાવી, જોર પૂર્વક કોઇ આંતરબળનો કરેલો ઉપયોગ છે. સંકલ્પબળને અને આ બળના દેખાવને કશોજ સંબંધ નથી. સંકલ્પબળ એ એક પરમ સત્તા ધારી સત્વની આજ્ઞા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમ રાજાના એક ઠરાવ ( resolution ) માં કાંઇ ઉપર જણાવ્યું તેવું જોર કે બળ હોવાની કશીજ જરૂર હોતી નથી. માત્ર એ ઠરાવ પ્રમાણે અમલ થવાનોજ. એવી શ્રદ્ધાપૂર્વક કરેલી આજ્ઞાજ બસ છે. તેમ આપણા સંકલ્પને પણ તેવી આજ્ઞા જ કરવાની છે. માત્ર શ્રદ્ધાપૂર્વક તેવો "ઠરાવ" બહાર પાડવાની જરૂર છે. સામર્થ્યના મધ્ય બિંદુમાંથી એ આદેશ--સ્વર પ્રવર્તાવવાનીજ જરૂર છે. અભિમાનીની અથવા "હું" ની આજ્ઞા--આત્માનો હુકમ એટલુંજ આવશ્યક છે. એ શાંત બળની-શ્રદ્ધાનીજ જરૂર છે. તે શિવાય નકામું જોર પછાડવાની, તેમજ વ્યર્થ બળ ક્ષય કરવાની કશી.જરૂર નથી.

ચારિત્રમાં ઉત્તમ લક્ષણો પ્રગટાવવાના માટે આવશ્યક સામગ્રીનું વર્ણન હમે કરી ચુકયા છીએ તે આ પ્રમાણે:—( ૧ ) પ્રબળ રસવૃત્તિ, ( ૨ ) શ્રદ્ધા અથવા વિશ્વાસ, ( ૩ ) સંકલ્પબળ. આ ત્રણ હથીઆરથી પરિસજ્જીત થયેલ આત્મા હવે ગમે તેવા વિજય માટે તત્પર છે. હવે ફકત કાર્યમાંજ પ્રવેશવું અવશેષ છે. કાર્યમાં ઉતરતા પૂર્વેની આંતર સામગ્રી ઉપરપ્રમાણે હોય તોજ એ કાર્યમાં "વિજય" નું તત્વ પ્રવેશી શકે છે, એ ભૂલવું જોઇએ નહી. ( અધ્યાયી )

# જૈન ઐતિહાસિક સાહિત્ય.

## જૈન નૃપતિ ખારવેલનો શિલાલેખ.

( અનુસન્ધાન ગતાંક ૪ ના પૃષ્ટ ૧૦૧ થી )

[ આ નીચે, ખારવેલના લેખનં-પ્રાકૃતનું સંસ્કૃત ભાષાંતર અને ગુજરાતી ભાષાન્તર આપવામાં આવે છે. મૂળ પ્રાકૃત, બહુજ ગુંચવાડા ભરેલું હોવાથી તે અત્ર આપ્યું નથી. મ્હારા "प्राचीन जैन लेखसंग्रह" માં તે પૂર્ણ રીતે આપવામાં આવેલ છે.

—મુનિજિનવિજય. ]

( १ ) नमोऽर्हद्भ्यः नमः सर्वसिद्धेभ्यः ! वीरेण महामेघवाहनेन चैत्रराजवंशवर्धनेन प्रशस्तशुभलक्षणेन चतुरन्तरस्थानगुणोपगतेन कलिङ्गाधिपतिना श्रीखारवेलेन

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( २ ) पञ्चदशवर्षाणि श्रीकुमारशरीरवता क्रीडिताः कुमारक्रीडाः । ततो लेखरूपगणनाव्यवहारविधिविशारदेन सर्वविद्यावदातेन नव वर्षाणि यौवराज्यं प्रशासितं संपूर्णचतुर्विंशतिवर्षश्च दानेन च धर्मेण शेषयौवनाभिविजयवृत्त्यै

( ३ ) कलिङ्गराजवंशपुरुषयुगे महाराज्याभिषेचनं प्राप्नोति । अभिषिक्त-मात्रश्च प्रथमवर्षे वातविहतगोपुरप्राकारनिवेशनं प्रतिसंस्कारयति कलिङ्गनगरीं शिबीरं च शीतलतडागपालीश्च बन्धयति सर्वोद्यानप्रतिष्ठापनं च

( ४ ) कारयति पञ्चत्रिंशच्छतसहस्रैः प्रकृती रञ्जयते । द्वितीये च वर्षे अभित्राय शतकर्णिः पश्चिमदिशं हयगजनररथ बहुलं दण्डं प्रस्थापयति **कुसंबानां क्षत्रियाणां च सहाय्यवता प्राप्तं मसिकनगरं** (?) तृतीये पुनर्वर्षे

( ५ ) गंधर्ववेदो बुद्धो दंपनृत्तगीतवादित्रसंदर्शनैरुत्सवसमाजकारणैश्च क्रीडयति नगरीं । इत्थं चतुर्थे वर्षे विद्याधराधिवासं अहतं पूर्वं कालिङ्गपूर्वराजेन ...............धर्मकूटस्य...............पूजितं च निक्षिप्तछत्र—

( ६ ) भृङ्गारैः त्रिरत्नस्य प्रत्ययः सर्वराष्ट्रिकभोजकेषु स्यादेवं दर्शयति । पञ्चमे चेदानीं वर्षे नन्दराजत्रिवर्षसत्रमुद्घाटितं तनसुलीयवाटात् प्रनालीं नगरं प्रवेश्य...............राज्यश्रेयःसंदर्शनेन उत्सवकारणं.

( ७ ) अनुग्रहानेकानि शतसहस्राणि विसृजति पौरजानपदे । सप्तमं च वर्षं प्रशासत् च...............अष्टमं च वर्षे. ........ ....

( ८ ) घातयित्वा राजगृहनृपं पीडयति । एतेषां च कर्मपदान प्रणादेन सर्वत्र सैन्यवाहनानि विप्रमुच्य मथुरामपयातः । नवमे च [ वर्षे ? ] ........ ........प्रवरकः

( ९ ) कल्पवृक्षो हयगजरथैः सह यत्र सर्वं गृहावसथं.................. यस्य वा ग्रहणं च कारयितुं ब्राह्मणेभ्यः यस्मिन्नृद्धिसारं ददाति अर्हन्न.

२ લેખમાં કડાર જેવું કાંઇ છે જે કીડાલુનું પ્રાકૃત હોય શકે. મને કુમાર વાંચવાનું પસંદ પડે છે. કારણ કે ક ને જમણી બાજુએ નીચે એક આડો લીટો છે. અને ડા ભાંગી ગયો છે. તેનો નીચેનો ભાગ ગોળાકાર છે. અને તેનો ઉપરનો લીટો આ ના જમણી તરફના ભાગ જેવો લાગે છે. આ અક્ષર ઘસાઇ ગયો છે અગર કોતરનારની તે ભૂલ હશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(१०)................[ निवा ] सं महाविजयप्रासादं कारयति अष्टा-त्रिंशच्छतसहस्रैः । दशमे च वर्षे................भारतवर्षप्रस्थान................ कारयति................उद्यतानां च मनोरथान्युपलभ्य

(११)................ल पूर्वराजनिवेशितं पथिदेयं गर्दभनगरे निष्कासयति जनपदभावनं च त्रयोदश वर्षशतात्................द्वादशे च व[र्षे]................वित्रासयंत उत्तरापथराजानः

(१२)................मागधानां च विपुलं भयं जनयन् हस्तिनो गङ्गायां पाययति मागधं च राजानं बहु प्रतिशास्य पादौ वन्दयते नन्दराजनीतस्य अग्रजिनस्य................मगधे वास्य नगरीं

(१३)................विद्याधरोल्लेखिताम्बरशिखराणि निवेशयति सप्तवर्षदानपरिहारेणाद्भुतमकृतं च हस्तिनां दानपरिहारं................आहारयति इत्थं शत................

(१४)................[ वा ] सिनो वशीकरोति । त्रयोदशे वर्षे सुप्रवृत्तविजयिचक्रः कुमारीपर्वतेऽर्हदुप [ निवासे ] बाह्यकायां निपद्यायां................कालें रक्ष्प

(१५)................कृतसमाजः सुविहितानां च सर्वदिशां ज्ञातीनां तापसानां................अर्हन्निषद्यायाः समीपे प्राग्भारे वरकारुसमर्थस्थपतिभिरनेकयोजनाभिः................

(१६) पटालके चेतके च वैडूर्यगर्भे स्तम्भान्प्रतिस्थापयति पञ्चोत्तरषष्ठिवर्षशते[1] मौर्यराज्यकाले[2] विच्छिन्ने च चतुःषष्ट्यग्रशतकोत्तरे[3] चोत्पादयति क्षेमराजोऽस्य वृद्धराजोऽस्य भिक्षुराजो नाम राजा प्रशासन् सन्ननुभवन् कल्याणानि-.

(१७)................गुणविशेषकुशलः सर्वपाषण्डपूजकः................तानां संस्कारकारकोऽप्रतिहतचक्रिवाहनबलश्चक्रधरो गुप्तचक्रः प्रशान्तचक्रो राजर्षिवंशकुलविनिर्गतो महाविजयो राजा खारवेलश्रीः ॥

---

१ આ ભૂલ છે. ખરી રીતે षष्ट्यधिकवर्षशते જોઇએ.

२ **મૌર્યરાજ્યનું** પ્રાકૃત **રાજમુરિય** છે. પ્રાકૃતમાં જેમ ઘણીવાર આવે છે તેમ આ શબ્દ-વિપર્યયનો દાખલો છે.

३ ખરી રીતે विच्छिन्नायां च चतुःषष्ट्यामग्रशतकोत्तरायां **જોઇએ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ગુજરાતી ભાષાન્તર.

અર્હંતોને નમસ્કાર, સર્વ સિદ્ધોને નમસ્કાર, કલિંગાધિપતિ, વીર, મહા મેઘવાહન, ચૈત્રરાજવંશવર્ધન, પ્રશસ્તશુભલક્ષણ એવા શ્રીખારવેલે કુમારરૂપે પંદર વર્ષસુધી કુમાર-ક્રીડાઓ કરી. નવ વર્ષ સુધી લેખન, ગણના, ચિત્ર, વ્યવહારમાં કુશલ થઇને તેણે યૌવરાજ્ય પદ ભોગવ્યું. ચોવીસમું વર્ષ પૂર્ણ કર્યા પછી કલિંગના રાજપુરૂષોની ધુંસરીમાં શેષયૌવનને વિજય અને વૃત્તિમાં પસાર કરવાને તેને મહારાજ તરીકે અભિષેક કર્યો.

અભિષેક થતાંજ પ્રથમ વર્ષમાં તેણે પવનથી નુકશાન પામેલા કલિંગના દરવાજા, કિલ્લા, ઘરો તથા શિબીરને સમરાવ્યા. તેણે શીતળ એવા અનેક જાતનાં તળાવો અને બાગ વિગેરે ૩૫ લાખ રૂપીઆ ખરચીને બંધાવ્યા. ( આ પ્રમાણે ) તેણે લોકોને સંતોષ્યા.

બીજા વર્ષમાં પશ્ચિમ દિશાનું રક્ષણ કરીને હય, હાથી, માણસો અને રથ યુક્ત એક મોટું લશ્કર શતકર્ણિએ મોકલ્યું. ( આજ વર્ષમાં ) કુસમ્બ ક્ષત્રિયોની સલાહ લઇને ( તેણે ) મસીક (?) શહેર લીધું. ફરીથી ત્રીજા વર્ષમાં, તે ગીત વિદ્યા શીખ્યો અને દમ્પ (?) નૃત્ત, ગીત અને વાદન તથા જલસાથી નગરીને આનંદ આપ્યો.

આ પ્રમાણે ચોથા વર્ષમાં, કલિંગના પહેલાંના રાજાઓથી પૂજાએલું, વિદ્યાધરોથી વસાએલું, ધર્મકૂટ.................................................પૂજા કરી[1] અને છત્રો તથા કળશો મૂકીને એવો દેખાવ કર્યો કે જેથી ત્રિરત્નવિષે નાના તેમજ મોટા સરદારોને શ્રદ્ધા ઉત્પન્ન થાય.

પછી[2] પાંચમા વર્ષમાં નન્દરાજનો ત્રિવર્ષ-સત્ર આરંભ્યો;[3] તનસૂલીયા (?) વડે એક પાણીની નહેર શહેરમાં આણી;...............રાજ્યની આબાદી જણાવવા માટે ઉત્સવો કર્યા.

( ૭ ) ( અને આ પ્રમાણે ) શહેરના તથા ગામડાના લોકો ઉપર લાખો ઉપકાર કર્યા. સાતમા વર્ષમાં રાજ્ય કરતાં..................................................................................................આઠમા વર્ષમાં..........................................

૧ આ ભાગ ભાંગી ગયો છે, પણ એમ લાગે છે કે તે રાજાએ ચૈત્ય ઉપર છત્રો અગર ધર્મકૂટ પર્વત ઉપર તેના જેવું કાંઇક મૂક્યું અને તેની પૂજા કરી. આ ચૈત્ય વિદ્યાધરોએ વસાવેલું છે તથા પહેલાંના કલિંગ રાજાઓ તેની પૂજા કરતા એમ કહેલું છે.

૨ **દાનિ** શબ્દ ઘણીવાર **અત:** તથા **તત:** ના અર્થમાં વપરાય છે; જેમકે, 'મહાવસ્તુ' માં (પ્રકાશક—સેનાર્ટ) પૃ. ૧૮, ૧૦, ૨૧, ૩—૩૧, ૮—૨૦૫, ૧૭—૨૩૨, ૨—૨૪૪, ૯—૩૬૫, ૧૯.

૩ એમ જણાય છે કે નંદરાજ નામનો કોઇ રાજા હતો. તેનું દાનગૃહ હતું જ્યાં જે કોઇ આવે તેને, ત્રણ વર્ષ સુધી દાન અપાતું. એ ગૃહ જતું રહ્યું હશે તે ખારવેલે ફરીથી ઉઘાડ્યું,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૮ ) મારીને ..................................................રાજગૃહના રાજાને તેણે હેરાન[1] કર્યો; ( તે ) તેમની ( ખારવેલના અનુચરોની ) ધસારો કરવાની તૈયારીઓનો અવાજ સાંભળીને, સર્વ ઠેકાણે (તેનું) લશ્કર, વાહનોને મૂકીને મથુરા પાછો નાસી ગયો. નવમે ( વર્ષે )............................

( ૯ ) એક ઉત્તમ કલ્પવૃક્ષનું[2] ( તેણે દાન કર્યું ) તેની સાથે ઘોડા, હાથીઓ, રથો, તથા ગૃહાવસથો.................................................................................બ્રાહ્મણોને તે ગ્રહણ કરાવવા માટે ઘણાં ધન સાથે. અર્હન્ત...............................આડત્રીસ લાખ ( ની કીંમતે ).

( ૧૦ ) મહાવિજય નામના પ્રાસાદને ....................નું રહેઠાણ બનાવીને, દસમા વર્ષમાં ...............ભારત વર્ષના પ્રસ્થાને નીકળી........બનાવ્યા............ ( તેની સામે થવાને ) જે તૈયાર ( હતા ) તેમના હેતુ જાણીને..............

( ૧૧ ) ગર્દભ શહેરમાં તેરસો વરસ સુધી પહેલાંના રાજાઓએ નાંખેલો કર[3] તથા 'જનપદભવન' દૂર કર્યાં........................................................ ઉત્તરના લોકોને દુઃખ આપતો.............................બારમાં વર્ષમાં........................................

( ૧૨ ) મગધના લોકોમાં ભારે ત્રાસ વર્તાવીને તેણે ( પોતાના ) હાથીઓને ગંગાનું પાન કરાવ્યું અને મગધના રાજાને સખ્ત શિક્ષા કરીને ( પોતાના ) પગે તેને નમાવ્યો,...............નન્દરાજે લીધેલ પ્રથમ જિનની...................મગધમાં એક શહેર વસાવીને...................

(૧૩) ...............સ્થાપે છે..............તેનાં શિખરો એવાં (ઉંચા) છે કે તેમના ઉપર બેસીને વિદ્યાધરો આકાશને ખેંચે; સત્ર વાર્ષિક દાન ( ના નિયમ )

---

વળી નીચે જણાવેલી નહેર ઉપરથી, સત્ર એટલે કે તળાવ પણ થાય છે તે ઉપરથી એમ લાગે છે કે પહેલાં કોઇ નંદરાજાએ બંધાવેલું તળાવ હશે કે જેને ખારવેલે ઉઘાડયું અને તેમાંથી નહેર લીધી. તે તળાવ ત્રણ વર્ષ સુધી પાણી રાખી શકે તેમ હશે તેથી તેને ત્રિવર્ષ–સૂત્ર કહે છે.

૧ ......... ને જેણે માર્યો અને રાજગૃહ રાજાને હેરાન કર્યો તેનું નામ જતું રહ્યું છે. પણ આ હેરાન કરનાર ખારવેલના અનુચરોનો અવાજ સાંભળીને ઘોડા વિગેરે લશ્કર મૂકીને મથુરામાં નાસી ગયો.

૨ લેખમાં કલ્પવૃક્ષ છે જે ચારથી ૪૦૦૦ રૂપીઆભાર સોનાનું હોય છે. સરખાવો:— હેમાદ્રિનો 'ચતુર્વર્ગચિંતામણી', દાનખંડ, અધ્યાય ૫.

૩ લેખમાં **પાથુદ** છે. જે કદાચ **પથિદેય** અગર કરનું પ્રાકૃત રૂપ તે વખતનું હશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રમાણે તેણે અપૂર્વ અને ( હજુ સુધી ) નહિ અપાયલું હાથીઓનું દાન આપ્યું. ...............લેવડાવ્યા................આ પ્રમાણે એક સો............

(૧૪) ...............ના રહેવાસીઓને હરાવ્યા. તેરમા વર્ષમાં, ( તે ) જેણે પોતાનું વિજયિ રાજ્ય આગળ વધાર્યું...............કુમારી ટેકરીના અર્હન્તોના નિવાસ સ્થાનમાંની બહારની બેઠક[1] ઉપર...............

(૧૫) ...............જેણે સર્વ દિશાઓના મહા વિદ્વાનો તથા મહા તપસ્વિઓની સભા મેળવી હતી................અર્હતની બેકક નજીક પર્વતના શિખર ઉપર સમર્થ કારીગરોના હાથે...............પતાલક, ચેતક અને વૈડૂર્યગર્ભમાં[2] સ્તંભો કર્યા. અને વિજયી શ્રી ખારવેલ રાજા, ભિક્ષુરાજ ( નામનો[3] ), ક્ષેમેન્દ્રના ( પુત્ર ) વૃદ્ધિરાજનો ( પુત્ર ) અને ગુણોમાં કુશળ, સર્વ પાષણ્ડપૂજક, ............... નો સમરાવનાર, જેનું રાજ્ય*, વાહનો અને લશ્કર અજય્ય છે, જેનું રાજ્ય શાંત છે, રાજર્ષિના વંશમાં ઉત્પન્ન થયેલો તેણે મોર્યરાજાને ૧૬૪ વીત્યા પછી મોર્ય સંવત્ ૧૬૫ માં ( આ ) કરાવ્યું. (અપૂર્ણ.)

## લક્ષ્મીનો ઉપયોગ કેમ કરાવો જોઇએ. ?

( લે. સદ્દગુણાનુરાગી મુનિ કર્પૂરવિજયજી – સિદ્ધક્ષેત્ર. )

' **वित्तस्य सारं किल पात्रदानम्**' એ પ્રમાણ ભૂત વચનને અવલંબીને 'સત્ પાત્રમાં દાન દેવું એજ લક્ષ્મી પામ્યાનો સાર છે' એવી તો સહુની સામાન્ય માન્યતા હોવી ઘટે છેજ, પરંતુ તે દાન દેવા યોગ્ય સત્ પાત્ર કેવું હોવું જોઇએ અને તે ક્યાં હોઇ શકે તે સંબંધી માન્યતામાં વખતે ફેર હોઇ શકે છે. સત્ ( પાત્ર ) શબ્દ જ સારૂં–ઉત્તમ ગુણવાળું–સ્વપરને ફાયદો ઉપજાવે એવું ( પાત્ર ) સૂચવે છે તેથી સ્વાર્થ અંધતા વડે કોઇ સદ્દગુણ વગર જ પોતાનામાંજ કે પોતની જાતિમાંજ યા

૧ લેખમાં નિસિદિય શબ્દ છે જે નાગાર્જુન ગુફાના લેખોમાં પણ છે. તેના જેવો પાલી શબ્દ निसग्गा અને જૈન પ્રાકૃતમાં निसहि છે.

૨ આ કદાચ ગુહાઓનાં નામો હશે. વૈડૂર્યગર્ભ કદાચ આ ગુહાઓનો ભાગ પણ હોઇ શકે.

૩ મૂળ લેખમાં જીર્ણ છે.

* આ ચક્રિને બદલે ચક્ર વાંચીએ તો પણ જો પ્રાકૃતની રીત પ્રમાણે ચક્રિ મૂકવામાં આવે તો સંસ્કૃતમાં તે ચક્રયપ્રતિહતવાહનબલ થાય, એટલે કે જેનું લશ્કર તથા વાહનો ' ચક્રિ ' ઓથી પણ અટકાવી શકાય નહીં. પહેલો પાઠ મને પસંદ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કલ્પી કાઢેલી વસ્તુમાં પાત્રતા માનવા કે મનાવવા માંગે તો એ આ બુદ્ધિવાદના જમાનામા વધારે વખત ચાલી શકે એમ નથી. રાગ દ્વેષ અને મોહાદિ દોષ માત્રથી રહિત આપ્ત પુરૂષોમાં જ વચન નિષ્પક્ષ પાત પણે કહેવાયેલા હોવાથી સત્ય મનાય છે. તેમણે જે માર્ગ પાત્રદાનનો બતાવેલ હોય છે તે વજનદાર લેખાય છે. જોકે તેમાં સાથે સાથેજ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને લક્ષમાં રાખીનેજ ઉચિત અને અધિક લાભ-દાયક માર્ગેજ લક્ષ્મીનો વ્યય કરી તેની સાર્થકતા કરી લેવા જણાવેલું હોય છે. તે તે મુદ્દાની વાત વખત જતાં વિચાર શક્તિના અભાવે અથવા ગતાનુગતિકતા, સ્વ-ચ્છંદતાદિક દોષના પ્રભાવે લગભગ વિસારી દેવામાં આવે છે, જેથી થયેલો કે થતો દ્રવ્યનોવ્યય બહુ લાભ દાયક થઈ શકતો નથી અને બહુતો એ ઇચ્છા પૂર્તિ જેટલું ફળ આપી શકે છે તેથી જ દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવનો પૂરતો **વિચાર કરીનેજ શાશનના સૂત્રધાર-ઉપદેશકોએ સભ્યજનોને ઉપદેશવાની અને શ્રોતાજનોએ તે વાતની સત્યતા વિચારીનેજ તેનો તેજ પ્રકારેજ આદર કરવાની** ખાસ જરૂર રહે છે, કેમકે આપ્ત પુરૂષોનો પણ એવોજ વ્યાજબી ઉપદેશ, હિતરૂપે હોય છે, અને તેનો યોગ્ય અમલ કરવા-કરાવવા માટે જ ઉપદેશની દોરી ભવભીરૂ ગીતાર્થના જ હાથમાં મૂકવામાં આવી છે. અને તેઓ જ તેને યોગ્ય ઇનિસાફ આપી શકે છે.

સૂઠના ગાંગડે ગાંધી બની બેસી સ્વેચ્છા મુજબ ઉપદેશ દઇ મુગ્ધ-ગાડરીયા લોકને દોરી જવા એ બહુ જોખમ ભરેલું કામ છે.

શાસ્ત્રકારોએ લક્ષ્મીની અનિત્યતા તેમજ ઉપયોગિતા પણ જણાવેલી છે, તે સમજી લઇ તેની સફળતા-સાર્થક્તા કરી લેવા સુજ્ઞ-શ્રીમંતોએ બહુભારે કાળજી રાખવી જોઇએ.

લક્ષ્મીને ચપળા-વીજળી જેવી અસ્થિર કહી છે, તે હોય ત્યાંસુધીમાં તેનો લાભ લઇ ન શકાય તો પાછળથી પસ્તાવું પડે છે.

વળી લક્ષ્મીને મર્કટી જેવી ચપળ અને પુન્યને સાંકળ જેવું મજબૂત કહ્યું છે. તે પુન્યરૂપી સાંકળ વડે બંધાયેલી ( લક્ષ્મી ) છટકી જઈ શકતી નથી.

**સુકૃતસાગર** નામના ગ્રંથમાં ભૂમિકારૂપે નીચે મુજબ સંક્ષિપ્ત ઉલ્લેખ છે.

લક્ષ્મી એ પુરૂષનો અલંકાર છે અને લક્ષ્મીનો અલંકાર **દાન** છે, જે ( સત્ ) પાત્રમાં જ આપવાથી શોભા પામે છે. તેમાં પાત્રનો અર્થ આવો કહ્યો છે. **પા** પાપ-વાચી છે અને **ત્ર** ત્રાણ-રક્ષણ વાચી છે. એટલે પાપથી બચાવે તેજ પાત્ર કહેવાય છે. **જંગમ** અને **સ્થાવર** એમ બે પ્રકારના **પાત્ર** કહ્યાં છે. તેમાં તત્ત્વજ્ઞાનથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શોભિત, તપ–સંયમમાં શૂરવીર, મદ મોહરહિત, અને સ્વાધ્યાય તથા બ્રહ્મચર્ય પ્રમુખ ગુણોવડે અલંકૃત એવા મુનિજનો **જંગમપાત્ર** લેખાય છે. તેમની ભક્તિ નિમિત્તે વિવેકથી જે દ્રવ્ય વ્યય કરાય છે તે લેખે થઇ શકે છે. કૃપણની યા વિવેક રહિતની લક્ષ્મી કંઇપણ કામની નથી. તે કેવળ બોજારૂપ અનર્થકારક થઇ પડે છે.

જિનમંદિર અને જિન પ્રતિમાદિક **સ્થાવર પાત્ર**રૂપ લેખાય છે તેમાં જો વિવેકથી દ્રવ્ય વ્યય કરી શકાય તો તે પુષ્કળ પુણ્ય પ્રાપ્તિ નિમિત્તે થાય છે. જીર્ણોદ્ધાર અને જિનભક્તિમાં યથાશક્તિ કરેલો દ્રવ્ય વ્યય મહા લાભકારી થાય છે, એ ઉપરાન્ત જ્ઞાનભક્તિમાં તેમજ શાસનભક્ત શ્રીસંઘની પરમાર્થિકભક્તિમાં જેમ તેની ઉન્નતિ થાય તેમ અસ્થિર પણ ઉપયોગી દ્રવ્યનો વખતસર વ્યાજબી રીતે ( વિવેકથી ) વ્યય કરવો એ અત્યંત હિતકર છે. **ઇતિશમ્.**

## ભવ્ય–ચકોરને સાવધાન કરનારૂં દિવ્ય શાસ્ત્ર સંબોધન.

**(લેખક—સન્મિત્ર મુનિરાજશ્રી કર્પુરવિજયજી.)**

" જરા જાવ ન પીડેઇ, વાહી:જાવ ન: વડ્ઢઇ, "

" જાવ ઇન્દિયા ન હાયન્તિ, તાવ ધમ્મં સમાયરે, "

**ભાવાર્થ**—જ્યાં સુધીમાં જરા–વૃદ્ધપણું–ઘડપણ આવી સંતાપે નહિ, જ્યાં સુધીમાં ( શરીરમાં છુપાઇ રહેલ અથવા સહેજ પ્રગટ થયેલ ) વ્યાધિ વૃદ્ધિ પામે–જોર કરે નહિ અને જ્યાં સુધીમાં ઇન્દ્રિયો ક્ષીણ–સત્વહીન; થઇ જાય નહિ ત્યાંસુધીમાં તું કંઇને કંઇ સુકૃત કરીલે !

**વિવેચન**–વય હાનિ (આવખું ઓછું થઇ જઇ જવું તે) જરા લેખાય છે; ક્ષણે ક્ષણે આવખું ખૂટતું જ જાય છે અને અંજલીમાં રહેલા જળની જેમ ખાલી થઇ જતાં વાર લાગતી નથી જોતજોતમાં તે બધું ટપકી જાય છે, તેમ આજકાલ કરતાં માનવનું અલ્પ આવખું પૂરૂં થઇ જાય છે, 'આપ મૂવે સારી ડુબ ગઇ દુનીઆ' એ બધી વાતનો સાર કંઇ સમજી શકાતો જ હોય તો જેમ બનેતેમ વહેલાસર ચેતીને તું ધર્મ સાધન કરી લે આજે કરી લેવાનું સુકૃત કાલ ઉપર કરવા રાખીશ નહિ. કેમકે કાળ અચિન્ત્યો ક્યારે આવશે તેની તને કશીજ ખબર નથી, વળી જ્યાં સુધી શરીર બળ સારૂં હોય છે, ત્યાં સુધી ધર્મ સાધન ઠીક થઇ શકે છે. શરીર બળ ક્ષીણ થયા પછી મનોબળ જોઇએ એવું ટકી શકતું નથી. તેથી જરા આવ્યા પહેલાંજ ભોળા તું ચેતી લે ? તાવ, ખાંસી પ્રમુખ એકાદ વ્યાધિ પ્રગટ થતાં તું હાવરો બાવરો બની જાય છે. કાયર થઇ બૂમ પાડે છે, બીજા પાસે દીનતા દાખવે છે, અને કોઇ વ્યાધિ સમાવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાર ( વૈદ્યાદિ ) મળે તો તેનો પાઠ માને છે, એકાદ વ્યાધિ સહજ પ્રગટ થતાં આમ થાય છે તો જ્યારે ઉત્પન્ન થયેલ કે હજી સુધી છુપાઇ રહેલ એક કે અનેક રોગ એકાએક વિકરાળરૂપ ધારણ કરશે ( વૃદ્ધિ પામશે ) ત્યારપછી તું શું કરશે ? તેથી આગમ-વચથી જ ચેતી લઈ ' પાણી પહેલાં પાળ બાંધી લે.-' પ્રમાદ કરીશ નહિ. 'ટીપે ટીપે સરોવર ભરાય અને કાંકરે કાંકરે પાળ બંધાય' એમ તું જાણે છે તો હમેશાં અભ્યાસ શરૂ રાખવાથી બહુ સુકૃતનો સંચય કરી શકાશે, અને તે તને પરભવમાં ઘણું ઉપ-યોગી થશે. બાકી આજ કરૂં છું કાલ કરૂં છું એમ વાયદામાં ને વાયદામાં જ વખત વીતાવી નાખીશ અથવા વચ્ચમાં કોઇ ભયંકર રોગ તને ઘેરી લેશે તો પછી ત્હારાથી કંઇપણ સુકૃત કમાણી કરી શકાશે નહિ. વળી પાંચે ઇન્દ્રિયો સંપૂર્ણ-પર-વડી પામવી, એ એક મ્હોટા ભાગ્યની નીશાની છે કેમકે તેમની સહાયથી ચેતન સારી સુકૃત કમાણી કરી શકે છે. ચક્ષુવડે દેવગુરૂનાં, સંઘ સાધર્મી જનોના તેમજ પવિત્ર તીર્થનાં દર્શન કરી આનંદ મેળવી શકે છે. શ્રોત-કાનવડે પ્રભુવાણી ( શાસ્ત્ર) સાંભળી, તત્ત્વ નિશ્ચય કરી સ્વવર્તન સુધારી શકે છે. રસનેન્દ્રિય ( જીભ ) વડે શુદ્ધ દેવગુરૂ ધર્મના ગુણગાન કરી પાવન થઈ શકે છે. ઘ્રાણેન્દ્રિય ( નાસિકા ) વડે પૃથક્કરણ કરી સાર-સુગંધી વસ્તુ દેવગુરૂ સંઘ સાધર્મિકની ભકિતમાં વાપરી શકે છે અને સ્પર્શેન્દ્રિય ( ત્વચા-શરીર ) વડે પૂજ્ય ઉપગારીની સેવા-ભકિત કરી સ્વજન્મ સફળ કરી શકે છે. છતે યોગે બધું બની શકે છે. ઇન્દ્રિયો ક્ષીણ થયા પછી કંઇ બની શકતું નથી. દવ બળે પછી કુવો ખોદવો શા કામનો ? **ઇતિશમ્.**

## શ્રી વિજ્ઞપ્તિ ત્રિવેણિ" ગ્રંથ સંબંધી મુનિમહારાજા તથા સજ્જનોના અભિપ્રાયો.

**विज्ञप्तित्रिवेणीः—**આ ગ્રન્થ શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર તરફથી મળ્યો છે. કિંમત કાચીના ચૌદ આના ને પાકાનો ૧ રૂપિઓ છે.

જૈનો તરફથી એક વિસ્તૃત સંસ્કૃત ઇતિહાસિક પત્ર પુસ્તકારૂઢ થવાની આ પ્રથમ શરૂ-આત જણાય છે. તેના સંપાદક મુનિરાજશ્રી જિનવિજયજી મહારાજે મૂળ સંસ્કૃત ગ્રન્થ ઉપર સવિસ્તર અને ઘણા જ પ્રયાસથી પ્રસ્તાવના લગભગ મૂળ ગ્રન્થ કરતાં દોઢી કરેલી છે. તે ખાસ વાંચવા તેમ જ મનન કરવા યોગ્ય છે, તેમજ જૈનસાહિત્ય જાણવા તેમજ લખવામાં ઘણી ઉપ-યોગી થઇ પડે તેવી છે. પ્રસ્તાવનાકારે પ્રસ્તાવના હિન્દીમાં લખેલી છે. ભાષા સરલ વાપરેલી છે. તેમાં જણાવવા પ્રમાણે આ પત્ર વિક્રમ સંવત ૧૪૮૪ ના માઘ શુદી ૧૦ ના દિવસે સિન્ધ દેશ-ના મલિકવાહણ સ્થાનથી શ્રીજયસાગર ઉપાધ્યાયજીએ લખી ખરતરગચ્છના આચાર્ય શ્રી જિનભદ્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૂરિ, કે જેઓ તે સમયે ગુજરાતના અણહિલપુર પાટણમાં બિરાજતા હતા, તેઓની સેવામાં મોકલાવ્યો હતો.

મૂળકારે પણ આ ગ્રન્થ ઘણી જ સારી અલંકારિક ભાષામાં લખેલ છે. વાંચતી વખતે વૃત્તાન્તની સાથે કાવ્યનો પણ ઘણો જ સારો આનંદ મળે છે. લેખકે તે ગ્રન્થને ગદ્ય તેમજ પદ્યમાં લખેલ છે.

આ ગ્રન્થમાં મુખ્યત્વે કરીને ત્રણ વ્યક્તિઓનો વિશેષ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આચાર્ય જીનભદ્રસૂરિ, ઉપાધ્યાય જયસાગર અને નગરકોટ્ટ મહાતીર્થ તે ત્રણેની આ પત્રમાં મુખ્યતા છે. તેના માટે પ્રસ્તાવનાકારે ઘણા જ પરિશ્રમથી પ્રસ્તાવનામાં સારો પરિચય આપવા પ્રયત્ન સેવ્યો છે. તેમજ તેમના બનાવેલા કયા કયા ગ્રન્થો છે ? તે તથા તેમના કયા કયા શિષ્યો મહાપ્રભાવશાળી થયા, તેઓએ કરેલા ગ્રન્થો વિગેરેનું પણ સારી રીતે સ્પષ્ટિકરણ કરેલ છે. તેમાં પણ જિનરાજસૂરિની પરંપરા વિષે જે માહિતી આપી છે તે ગાઢ શ્રમ અને વિશાળ શોધનું ફળ છે.

ગ્રન્થની આદિમાં મૂળ લખીત પ્રતનો ફોટો આપવામાં આવ્યો છે. એકન્દરે પ્રસ્તાવનાકારે ઘણો જ સારી રીતે શ્રમ કર્યો છે. જે તેમના ઇતિહાસિક શોધનના શ્રમ માટે ધન્યવાદ ઘટે છે.

## પરોલી તીર્થમાં જીર્ણોદ્ધાર અને ધર્મશાળાને માટે સહાયની જરૂર.

પાવાગડની પાસે આવેલા **પરોલીતીર્થ**ના માટે એક ધર્મશાળા બાંધવાનું કામ શરૂ થયું છે અને ત્યાં વખતોવખત માણસો યાત્રા કરવા માટે ખરસાલીયા સ્ટેશને ઉતરી વેજલપૂર ગામમાંથી ગાડીગાડાંની સગવડ કરીને જાય છે. માટે દરેક ભાઇઓ તથા બહેનોને વિનંતી કરવાની કે આ તીર્થ લગભગ બસો વર્ષથી તો આ ઠેકાણે છે અને ત્યારપહેલાં નજીકમાં આવેલા ધનેશ્વર ગામમાં હતું. માટે આવા પ્રાચીન તીર્થની તથા પ્રભાવીક પ્રતિમા કે જે સાચા દેવના નામથી પ્રખ્યાત છે, ત્યાં દર્શન કરવા માટે લાભ લેશે અને જીર્ણોદ્ધાર તથા ધર્મશાળાના કામમાં યોગ્ય મદદ કરવા તસ્દી લેશે. કારણકે આવા સ્થળે બીજી કોઇ રીતે દ્રવ્યની સહાય મળવાનો સંભવ નથી એજ. જેથી દરેક જૈન બંધુને તથા બહેનોને યથાશક્તિ આ પ્રાચીન તીર્થના કાર્યમાં મદદ આપવાની વિનંતિ કરવામાં આવે છે.

દા. જીવણલાલ કીશોરદાસ.
મુ. વડોદરા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાનસમાચાર.

## શ્રી વેરાવળ શહેરમાં શ્રી આત્માનંદ જૈન સ્ત્રીશિક્ષણશાળા,
## અને
## શ્રી આત્માનંદ જૈન ઔષધાલયની સ્થાપના.

જગદ્ ઉપકારી શ્રીમદ્ વિજયાનંદસૂરિ આત્મારામજી મહારાજના પ્રશિષ્ય પ્રસિદ્ધ વક્તા અને વિદ્વદ્રત્ન **મુનિરાજશ્રી વલ્લભવિજયજી** મહારાજ જે કે ગયા ચાતુર્માસમાં શ્રીગિરનારજી ક્ષેત્રમાં હતા, ત્યાં અનેક ઉપકારી ચાતુર્માસ પૂર્ણ થતાં આ શહેરના શ્રીસંઘની વિનંતિ અને આમંત્રણને માન આપી અત્રે પધાર્યા હતા. અત્રે જે સંસ્થાની પુરેપુરી જરૂરીયાત હતી તેનો ઉક્ત બંને ખાતાનો તેઓ શ્રીમાનના સદુપદેશવડે જન્મ થયો છે. શ્રીઆત્માનંદ સ્ત્રીશિક્ષણશાળા ખોલવા માટે બાઇ નંદકોરબાઇ તે શેઠ કાળીદાસ અમરશીની વિધવાએ રૂા. દશ હજાર અને વેરાવળના સંઘના શ્રાવીકા સમુદાયના લગભગ ચાર હજાર રૂપૈયા આ સંસ્થાને માટે આપેલ છે. અને શ્રાવક સમુદાયનો ફાળો હજી બાકી છે. મહા શુદ ૧ ના રોજ ઉક્ત સંસ્થા શુભ મુહૂર્તે ખુલ્લી મુકવામાં આવશે.

૨ શ્રી આત્માનંદ જૈન ઔષધાલય માટે ઉક્ત મહાત્માના ઉપદેશથી રૂા. ત્રીશ હજાર શેઠ કલ્યાણજી ખુશાલે પોતાના સ્વર્ગવાસી પુત્ર ગુલાબચંદના સ્મરણાર્થે ખોલવા માટે આપેલ છે અને શેઠ કલ્યાણજી ખુશાલચંદની કંપની તથા બીજા લાગતા વળગતાઓ તરફથી એટલી જ બીજી રકમ તેમાં આવવાનો સંભવ છે. આ ઔષધાલયનો લાભ હાલ તરતમાં વેરાવળના હિંદુ માત્રને આપવામાં આવશે, પરંતુ આગળ જતાં વેરાવળ શહેરની તમામ વસ્તી લાભ લે તેવી યોજના કરવામાં આવશે એવો સંભવ છે.

અમો ઉક્ત મહાત્મા કે જેઓના ઉપદેશથી આ બંને ખાતા આ શહેરમાં ખુલ્લા મુકાયેલા છે તેમનો ઉપકાર માનવા સાથે ઉક્ત બંને-જૈન બ્હેન તથા બંધુને ધન્યવાદ આપીયે છીયે.

( મળેલું. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગ્રંથાવલોકન.

## જૈન ધર્મનાં વ્યાખ્યાનો ભાગ ૨.

ઉપરનો ગ્રંથ આ સભાને ભેટ મળેલ છે. વડોદરા સ્ટેટના નેકનામદાર મહારાજા સાહેબ સમક્ષ મહામહોપાધ્યાય શ્રીમદ્ વીરવિજયજી મહારાજના વિદ્વાન શિષ્ય પંન્યાસજી શ્રીમદ્ દાન-વિજયજી મહારાજે ગૃહસ્થ ધર્મના પાંત્રીશ ગુણુ ( જેમાં સાત ગુણ સુધી પ્રથમ વ્યાખ્યાન આ-પેલ જે આ ગ્રંથના પહેલા ભાગ તરીકે પ્રસિદ્ધ થએલ છે પરંતુ આઠમા ગુણથી પાંત્રીશમા ગુણ સુધીના વ્યાખ્યાનો) આ ગ્રંથમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. ગૃહસ્થધર્મને ખાસઉપયોગી તેમજ વળી ટુંકામાં તેનો યથાસ્થિત સમાવેશ કરવામાં આવેલ હોવાથી સામાજિક ઉપયોગી બનેલ છે. જે ખરેખર વાંચવા લાયક છે. સદરહુ ગ્રંથ શ્રીમાન્ ગાયકવાડ સરકારની ઇચ્છાનુસાર પ્રબંધ તૈયાર કરવામાં આવેલ છે.

**૨ समराइच्चकहा**—( સંસ્કૃત છાયા સહિત ) ( શ્રીસમરાદિત્ય ચરિત્ર )

**३ पाइअलच्छी नाममाला**—( પ્રાકૃત કોશ )

ઉપરના બંને ગ્રંથો બી૦ બી૦ એન્ડ મહાશય મંડળી ભાવનગરના તરફથી અભિપ્રાય અર્થે ભેટ મળેલ છે. પ્રથમ ગ્રંથના પ્રણેતા શ્રીમાન્ હરિભદ્રસૂરિ મહારાજ છે, જેની રચના પ્રાકૃત-માં કરવામાં આવી છે, અને તેની સંસ્કૃત છાયા સંસ્કૃત ભાષાના જાણકારને સુલભ થવા માટે પંડિત બેચરદાસ જીવરાજે સંકલિત કરેલ છે. જે સંસ્કૃતના અભ્યાસીઓ માટે ખાસ આવકાર-દાયક છે. આ તેનો પ્રથમ વિભાગ પ્રસિદ્ધ થયેલ છે. સદરહુ ગ્રંથના દરેક પાનામાં જેટલું પ્રાકૃત આવેલ છે તેટલું જ નોટ તરિકે શબ્દશઃ સંસ્કૃત છાયા સાથે આપેલ હોવાથી તેના વાંચકને બહુ સરલ પડે તેમ છે. શાસ્ત્રી ટાઇપમાં છપાવેલ છે તેમજ તેની શુદ્ધિ માટે પણ કાળજી રાખેલ છે જે સાથે આપેલ શુદ્ધિપત્રથી માલૂમ પડે છે.

૨ બીજો ગ્રંથ પ્રાકૃત કોશનો છે તેના પ્રણેતા શ્રીમાન્ મહાકવિ ધનપાળ પંડિત છે. આ ગ્રંથમાં પ્રથમ ૪૬ પેજ સુધી પ્રાકૃત શબ્દો અને સાથે અંકો આપેલ છે અને દરેક પાનામાં ફુટ-નોટ તરિકે તેનો ગુજરાતી અર્થ આપેલો છે. ત્યારબાદ વધારે સરલતા માટે પા. ૪૭ થી ૧૬૪ સુધીમાં શબ્દાનુક્રમ તેના વ્યાકરણના સંકેતસુચન સાથે અક્ષર અનુક્રમ પ્રમાણે પ્રાકૃત અને સાથે તેનો સંસ્કૃત અને ગુજરાતી બંને ભાષામાં અર્થ આપેલ હોવાથી ખરેખર એ કોષ તૈયાર થવાથી પ્રાકૃતના અભ્યાસીઓ માટે એક ચાવી સમાન છે. આપણી વિજયવતી જૈન કોન્ફરન્સમાં જે કોષ તૈયાર કરવા માટે ઘણા વખતથી વિચાર ચાલે છે તે ગ્રંથની થયેલી આ શરૂઆત જોઇ ખુશી થવા જેવું છે. બંને ગ્રંથો ખરીદવા લાયક છે. પરંતુ અમારે કહેવું પડે છે કે બંને ગ્રંથના પ્રમાણમાં તેની કિંમત ઘણી રાખેલી છે. જે પ્રમાણમાં ઓછી રાખવામાં આવે તો વધારે પ્રમાણમાં ફેલાવો થવા સાથે વધારે લાભ લેવાઇ શકે, પરંતુ પ્રાકૃત કોષના ગ્રંથની પ્રસ્તાવનામાં તેને માટે પ્રકાશકે ખુલાસો આપેલ હોવાથી હવે પછી પ્રગટ થનારા ગ્રંથોની કિંમત યોગ્ય ઓછી રાખવાની ભલામણ કરવામાં આવે છે. દરેક ગ્રંથોની કિંમત ૧–૧૨–૦ મળવાનું ઠેકાણું, પ્રસિદ્ધકર્તા—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નો-લાઇબ્રરીનો એક શ્રૃંગાર અને નમુનારૂપ બનેલ છે. તે બાબતમાં વિશેષ પ્રશંસા નહિ કરતાં ફક્ત એટલું જ કહીયે છીયે કે, આવી જાતનું બાહ્ય અભ્યંતર બંને રીતે પૂર્ણ મનોરંજક અને અનુપમ પુસ્તક જૈન સાહિત્યમાં કે કોઇ પણ જૈન પુસ્તક પ્રસિદ્ધ કરનાર તરફથી એક પણ પ્રકટ થયેલ નથી. જેઓ પોતાના ઘર કે પુસ્તકાલયને સુશોભિત કરવા ઇચ્છતા હોય તેમજ એક મહાન જૈનાચાર્યના જગત્ કલ્યાણકારી જીવનની:દર્શનીય ઝાંખી કરવા ઇચ્છતા હોય તેમણે આ પુસ્તક અવશ્ય ખરીદ કરવું.

કિંમત રૂ ૧-૦-૦ પોસ્ટ જુદું, જે પુસ્તક જોતાં તદ્દન નજીવી લાગશે. માત્ર થોડી નકલો જ શીલીકમાં છે. જેથી જેમણે ખરીદવું હોય તેમણે અમોને લખી મોકલવું. પાછળથી રૂ ૫) આપતા પણ મળશે નહીં અને પસ્તાવું પડશે.

---

## નીચેના ગ્રંથો અમોને ભેટ મળ્યા છે જે ઉપકાર સહિત સ્વીકારવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ભાવઆવશ્યક. | પારેખ મોહનલાલ અમૃતલાલ. | રાજકોટ. |
| જશમાની ગરબી. | " " | " |
| જૈન સંસાર ( માસીક ) | મેનેજર જૈન સંસાર | મુંબઇ |

## શ્રી રાધનપુર જૈન યુવક મંડળનો સં. ૧૯૭૧-૭૨ ની સાલનો ચતુર્થ રીપોર્ટ.

આ નામની સંસ્થાનો ચાર વર્ષ થયા રાંધનપુરમાં જૈન યુવકોના પ્રયાસથી જન્મ થયો છે, ઉક્ત સંસ્થા તરફથી એક લાઇબ્રેરી હાલમાં નાના પાયા ઉપર ખોલવામાં આવેલ છે, અને સાથે પુસ્તક પ્રસિદ્ધિનું કાર્ય પણ શરૂ કરેલું છે. ધીમે પ્રયાસે દિવસાનુદિવસ આ સંસ્થાનું કાર્ય વધતું દેખાય છે. શરૂઆતમાં તે ખંત ચાલુ રહી ભવિષ્યમાં તે ખાતાને નિભાવી રાખવા અને આગળ વધારવાની તેમના કાર્યવાહકોને ભલામણ કરીયે છીયે. અમે તેનો અભ્યુદય ઇચ્છીયે છીયે.

---

**શ્રીસીમંધરજિનસ્તવન (શ્રીમન્મહોપાધ્યાય યશોવિજયજી ગણિ વિરચિત)** પ્રસિદ્ધકર્તાનું નામ અને મોકલનારના નામ સિવાય અમોને અભિપ્રાયાર્થે ભેટ મળેલ છે. બંને પ્રકારના નામ સિવાય અભિપ્રાય માટે મોકલવાનું પ્રયોજન શું હશે એ માલમ પડતું નથી. પરંતુ આ છાપેલ સ્તવનમાં કર્ત્તા તરીકે શ્રીમન્મહોપાધ્યાય શ્રીયશોવિજયજી ગણિનું નામ આપેલ છે. પરંતુ ઉક્ત સ્તવન વાંચતા પ્રતિક્રમણ પારતાં ઇર્યાવહી ન પડિકમવી જોઇએ એવી હકીકત છે, જે ઉપાધ્યાયજી મહારાજના વિચાર હોય તેમ કોઇ રીતે સંભવતું નથી. તેમાં ગમે તે પ્રકારે પાછળથી દખલગીરી કોઇએ કરી હોય તેમ માલમ પડે છે. અથવા કોઇને બદલે કોઇનું નામ આપી દીધું હોય તેમ જણાય છે, આ કારણે કે ગમે તે ઇચ્છાથી પ્રસિદ્ધકર્તાએ પોતાનું નામ કે રીવ્યુ માટે પોતાનું નામ ગુપ્ત રાખ્યું હોય તો તે યોગ્ય નથી. ગમે તેમ હો પણ આવા સ્તવનો કે કૃતિઓ છપાવતાં પહેલાં બહુ વિચારપૂર્વક ખાત્રી કરી તે પ્રસિદ્ધ કરવાની જરૂર છે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## એક નમ્ર સૂચના.

વિનંતિ પુર્વક સર્વને જણાવવા રજા લઇએ છીએ કે સભા તરફથી કેટલાક નવા પુસ્તકો હાલમાં પ્રસિદ્ધ થવાના છે, જે ધારા મુજબ આ સભાના માનવંતા બંને વર્ગના લાઇફ મેમ્બરોને ભેટ આપવાના હોવાથી તેની જાહેર ખબર હવે પછીના અંકમાં આપવામાં આવશે. બહોળી સંખ્યામાં ગ્રંથો છપાતા હોવાથી તેમજ આર્થિક બાબતમાં પણ ઉદાર દીલથી ભેટ અપાતા હોવાથી આસભામાં થયેલ લાઇફ મેમ્બરો ( સુજ્ઞ બંધુઓ ) ને તેમજ અમારા માસિકના વાચકોને વિદિત છે કે અત્યાર સુધીમાં ભેટ મળેલા પુસ્તકોનું એક નાનું પુસ્તકાલય થયેલું હોવું જોઇએ, જે ગ્રંથોની સંખ્યા સુમારે ૭૫ છે.

બીજા બધાં કરતાં આ સંસ્થાએ લાઇફ મેમ્બરોને ગ્રંથો ભેટ આપવાનું ધોરણ ઘણુંજ ઉદાર રાખ્યું છે જે સરખામણી કરવાથી કે રીપોર્ટ વાંચવાથી સમજી શકાય તેવું છે. વળી હાલમાં ઘણીજ બહોળી સંખ્યામાં ગ્રંથો ભેટ આપવાના હોવાથી તેમજ પ્રસિદ્ધ કરવાનો પ્રયાસ થતો હોવાથી **અન્ય જૈન બંધુઓને** આ સભામાં જેમ બને તેમ જલદી લાઇફ મેમ્બર થઇને ધાર્મિક સાથે આર્થિક લાભ લેવા જેવું છે.

---


### ઘણીજ થોડીક નકલો બાકી છે.

તૈયાર છે ! જલદી મંગાવો. તૈયાર છે !

# विज्ञप्ति त्रिवेणि.

### ( સંસ્કૃત ગ્રંથ )

### ( જૈન ઐતિહાસિક સાહિત્ય ગ્રંથ. )

આ અપૂર્વ ગ્રંથ **જૈન ઐતિહાસિક** સાહિત્યનો હોઇને આવી જાતનું પુસ્તક જૈનસાહિત્યમાં તો શું પરંતુ સમગ્ર સંસ્કૃત સાહિત્યમાં પણ હજુસુધી પ્રગટ થયું નથી. ઇતિહાસિક દૃષ્ટિએ આ ગ્રંથ ખરેખર મહત્વનો છે. તેમાં આવેલા વૃત્તાંત જૈન સમાજની તત્કાલિનસ્થિતિપર કેવું સરસ અજવાળું પાડે છે તે આ ગ્રંથનું અવલોકન કરે માલમ પડે તેવું છે.

આ ગ્રંથના સંપાદક શ્રીમાન્મુનિરાજશ્રી **જિનવિજયજી** મહારાજ છે. આઠ ફોર્મના ગ્રંથ ઉપર ૧૨ ફોર્મની પ્રસ્તાવના લખી જૈન ઇતિહાસ ઉપર ઉકત મહાત્માએ સારૂં અજવાળું પાડેલું છે. કિંમત. (કપડાનું પુઠું) રૂા. ૧-૦-૦ (સાદુબાઇંડીંગ) રૂા. ૦-૧૪-૦ ( અમારે ત્યાંથી મળશે. ) પોસ્ટેજ જૂદું.


---

### આ માસમાં નવા દાખલ થયેલા માનવંતા સભાસદો.

૧ શા. સવચંદ છગનલાલ ભાવનગર. બી. વ. લાઇફ મેમ્બર.
૨ શા. વીરચંદ જીવાભાઇ અમરેલી, પે. વ. વા. મેમ્બર.
૩ શાહ પોપટલાલ ત્રિભુવનદાસ કરાંચી. ”

---

### મુનિ મહારાજોને વિનંતિ.

શ્રી શ્રાદ્ધવિધિ ( સંસ્કૃત ગ્રંથ ) જે કે ભેટ આપવાનો છે તે છપાઇ તૈયાર થવા આવેલ છે. એક માસ પછી પ્રસિદ્ધ થશે.

---

For Private And Personal Use Only